મીનોચેહેર હોમજીના મલતયા સાથના મોબેદો ૭.. ભગરયા મોબેદોના સાથ તરફથી કરવામાં આવેલા હુમલાનો રદ જવાબ, તથા મીનોચેહેર હોમજીના મલતયા સાથના હક તથા સ્વતંત્રપણાનો દાખલા દલીલ સહીત પુરાવો.

---

૧. ભગરયા સાથના વડા દસ્તુરજી સાહેબ દારાબજી માહીયારજી મેહેરજી રાણા તથા તેમના સાથીઓ દેસાઈજી મીનોચેહેરજી એદલજી તથા દેસાઈજી એદલજી બમનજી એઓએ, નવસારીમાં તઈયાર કરવામાં આવેલી મરહુમ શેઠ હોરમજી બમનજી વાહાડયાજીનાં આતશબેહેરામને લગતી દરેમેહેર બંધ કરાવવાને નામદાર માહારાજા ગાયકવાડની નવસારીની અદાલતમાં જે મુકદમો ચલાવ્યો છે, તેમાં ભગરયા અંધયારૂઓ જોડે મીનોચેહેર હોમજીના મલતયા સાથના બે અંધયારૂઓ નામે આ૦ નવરોજી જમશેદજી રબાડી તથા આ૦ હોરમજી ખરશેદજી મીનોચેહેર હોમજીના તેમની તરફથી શાહેદી આપવાને ગયા હતા. પણ તેઓએ આપેલી શાહેદી જોયા પછી મીનોચેહેર હોમજીના મલતયા સાથના મુંબઈ, સુરત, નવસારી વગેરે જગાઓના તમામ મોબેદ સાહેબો, એરવદ સાહેબો વગેરેને માલમ પડયું કે, તેઓએ આપણા સાથના સ્વતંત્ર હકોને ધોકો પોંહોંચે એવી કેટલીક ખોટી અને આધારવગરની બીના તેમાં જણાવી છે, [illegible] ઉપરથી તેઓએ પોતાના આગેવાન સાહેબોને મીનોચેહેર હોમજીના મલતયા સાથની અનજુમન ભેગી કરી જરૂર જોગા ઠરાવો પસાર કરવાને તા૦ ૨૫ મી જુન ૧૮૯૨ ને દને અરજ કરી હતી. તે મુજબ તે આગેવાન સાહેબોએ તા૦ ૧૭ મી જુલાઈ ૧૮૯૨ ને દને મરહુમ શેઠ કાવસજી માણેકજી આશબરનરની ખેતવાડી મધેની દરેમેહેરમાં મીનોચેહેર હોમજીના મલતયા સાથના તમામ સાહેબોની સભા બોલાવી હતી, અને તે સભાએ બીજા ઠરાવો જોડે એકમતે મજકુર આ૦ નવરોજી જમ-

...ના આ૦ હોરમજી ખરશેદજી મીનોચેહેર હોમજીના સામે તે-
...નાપસંદ ચાલમાટે દલગીરી અને તીરસકારનો ઠરાવ પસાર કરયો હતો, અને તે ઠરાવોને સુરત, નવસારી વગેરે જગાના મીનોચેહેર હોમજીના મલતયા સાથના તમામ સાહેબોએ બહાલી આપી હતી. તે ઉપરથી મજકુર એ અંધયારૂઓ માહેલા એક આ૦ નવરોજી જમશેદજી રબાડીએ તા૦ ૧૦ મી આગસ્ટ ૧૮૯૨ ના "જામે જમશેદ" માં કેટલોક ખોલાસો આપવાની તજવીજ કરી છે, એવી મતલબથી કે તેમને અને તેમના સાથી આ૦ હોરમજીને, મીનોચેહેર હોમજીના મલતયા સાથની તમામ અનજુમને તેઓની સામે દલગીરી તથા તીરસકારનો ઠરાવ કરવામાં તેમને ઈનસાફ આપયો નથી. આ૦ નવરોજી રબાડીએ તે મતલબને બહાને પોતાનાં નામથી એક લંબાણ પત્ર પ્રગટ કરાવ્યા પછી હું રાહ જોતો હતો કે, તે માહેલી ખોટી અને વગર આધારની બીનાનો રદયો મીનોચેહેર હોમજીની અનજુમનના આગેવાન સાહેબો અથવા કોઈ બીજા સાહેબ અથવા સાહેબો તરફથી આપવામાં આવશે; પણ દીવસો સુધી ખોટી થયા પછી જ્યારે તેવો રદયો કોઈ સાહેબો તરફથી આપવાની તસદી લેવામાં આવેલી મેં જોઈ નહીં, તયારે મારા કેટલાક ભલા દોસ્તો સાથ મસલેહત તથા ખોલ કરીને મારી તરફથી મને વાજબી લાગયો એવો કેટલોક રદયો મેં તઈયાર કરયો છે, અને તે હું મારા તમામ હમદીન સાહેબોની હજુરમાં મોટી નમનતાઈ સાથ ધરવાની રજા લેઉંછું. તેમ કરતાં હું તેઓ સરવે સાહેબો પાસેથી ઓજરખાહી સાથ માંગી લેઉંછું કે, મેહેરબાની કરીને તેઓએ મારી તરફથી આપવામાં આવેલા રદયા ઉપર ધીરજથી ધયાન આપવાની તસદી લેવી; તેમાંથી તે સરવે સાહેબોને ઘણું નવું જાણવાનું મળશે, અને તે ઉપરથી તેમને ઘણા નવા વીચારો દોડાવવાને તથા કેટલેક દરજ્જે નવા રસતા કાહાડવાને પણ બની શકશે.

૨. મીનોચેહેર હોમજીના મલતયા સાથના આગેવાન સાહેબોએ, તેટલું છતાં આ૦ નવરોજી રબાડી અને તેમના સાથી આ૦ હોરમજીને એક ટુંકો જવાબ આપયો છે, તે આ જગોએ જણાવ્યા વિના હું છોડી દેતો નથી. તે જવાબ, રોજ ૧ લો માહ ૧૨ મો યજદ ઝરદી ૧૨૬૧, તા૦ ૧૨ મી આગષ્ટ ૧૮૯૨ ને દને મજકુર બંને અંધયારૂઓને અનજુમનનું કામ કરતા અટકાવીને તેઓએ આપયો છે. તે ઉપરાંત તેઓએ અથવા મીનોચેહેર હોમજીના મલતયા સાથની અનજુમને બીજો કોઈ ઉપાય તુરત વેળા લીધો

નથી તેમાં, મારી નાકેસ સમજ મુજબ, ઘણું વાજબી કરવામાં આવેલું હું સમજું છું. મીનોચેહેર હોમજીના મલતયા સાથની અનજુમને પોતાના સ્વતંત્ર હક વીશે જે ઠરાવો પસાર કરયા, તે જાહેરસભા ભરીને કરયા હતા. તે કારણસર પેહેલાં પોતાના આગેવાન સાહેબોને અરજ પત્ર પોંહોંચાડવામાં આવ્યો હતો, જે વરતમાન પત્રોમાં છપાવીને પ્રસીધ કરવામાં આવ્યોછે, અને તે પછી અનજુમનની જાહેરસંભા ભરીને તેમાં ઠરાવો પસાર કરવામાં આવ્યા હતા. જેમ ઠરાવો પસાર કરવામાં આવ્યા હતા તેમ કેટલોક ખોલાસો પણ સભામાં કરવામાં આવયો હતો, અને તે સઘલું વરતમાન પત્રોમાં લંબાણથી હેવાલના આકારમાં છાપવામાં આવયું છે. આ૰ નવરોજી રબાડીએ તે પછી જે ખુલાસો આપવાની તજવીજ કીધી છે, તેને મીનોચેહેર હોમજીના મલતયા સાથના આગેવાનો તથા ખુદ અનજુમને કસું વજન લાગુ પાડયું નથી તેમાં તેઓએ ઘટતુંજ કરયું છે. તેઓ સમજતા હોવા જોઇયે કે, તેઓએ જાહેરમાં કીધેલાં કામ કાજનો જવાબ આપવો અથવા ખોલાસો કરવો કોઇને પણ લાજમ હતો તો તે ભગરયા સાથના વડા દસ્તુરજી સાહેબ દારાબજી માહીયારજી મેહરજી રાણા તથા તેમના સાથીઓને તેમજ તેમની જોડે જાહેરમાં અતલગનો ભાગ બજાવનારા દસ્તુરસાહેબ જામાસપજી મીનોચેહેરજી જામાસપ આસાનાને હતો. પણ તે સાહેબો જ્યારે ચુપ બેઠા છે, તયારે અટકલ સેહેલથી થઇ શકે છે કે મીનોચેહેર હોમજીના મલતયા સાથની અનજુમને પોતના સ્વતંત્ર હકો વગેરે બાબતમાં જે કાંમ કાજ જાહેર સભા ભરીને કીધું હતું, અને જેનો હેવાલ લંબાણથી વરતમાન પત્રોએ પ્રગટ કરયો હતો, તે સરવે તે સાહેબોએ કબુલ રાખયું છે, અને તેમની પાસે તેના સાંમે વાંધો લેવા જેવું કાંઇ છે નહીં.

૩. જાહેર થયલા હેવાલ ઉપરથી સરવેએ ખાતરી કરી છે કે, મીનોચેહેર હોમજીના મલતયા સાથની અનજુમન તથા તેના આગેવાન સાહેબોએ પોતાનું કામ જેમ પુરતા અંદાજા અને દરજજા સાથે બજાવ્યું છે તેમ તેમાં તેઓએ પુરતું મકમપણું પણ દેખાડયું છે, અને જો કોઇનીબી તરફના ખોલાસાની ખબર તેઓએ લેવી ઘટે તો તે ભગરયા સાથની અનજુમન અને તેના આગેવાન સાહેબોની તરફનાજ ખોલાસાની છે. આ૰ નવરોજી રબાડી તથા તેમના સાથીને, મીનોચેહેર હોમજીના મલતયા સાથની અનજુમને તથા તેના આગેવાન સાહેબોએ અનજુમનનાં કામથી દુર કરીને જે જવાબ આ-

પયો છે, તે કરતાં વધુ જવાબ, મારૂં આધીન મત છે કે, તેમના તરફથી તુરતવેળા બાહેર મેલાવો ઘટતો નથી.

૪. તેજ મુજબ મોબેદ સાહેબ જામાસપજી એદલજી દાદાચાંદજીના વીશે પણ હું મારૂં આધીન મત જણાવવા માગું છું. તેઓએ લીધેલો મારગ પણ ઓછો ધરખમ અને થોડો દુરઅંદેશી ભરયો નથી. આ૦ નવરોજી રબાડી તેમને કેટલીક "ચાલેંજો" કરેછે, અને હું તે ચાલેંજોની આગળ ખબર લેવશ તે ઉપરથી તે ચાલેંજોનું તમામ પોકળ આપોઆપ જણાઈ જશે, તોપણ મારે આ જગોએ જણાવવું જોઇયે છે કે મોબેદ સાહેબ જામાસપજીએ જે ખોલાસો મીનોચેહેર હોમજીના મલતયા સાથની અનજુમનમાં કરયો હતો, તે અનજુમનના એક મતે બહાલ રહયો હતો, અને તેથી તે ખોલાસો જેમ અનજુમનને હસતક ગયલો તેમ તેને કેટલેક દરજજે અનજુમનનીજ મીરાસ થયલી સમજવી જોઇયે. અનજુમનની તેવી રીતે થયલી મીરાસ માટે, મારા જાણવા મુજબ અનજુમન એટલો મોતેબર ખુલાસો ધરાવે છે કે, જરૂર પડતાં અને ઘટતી જગોએથી તે વીશે જીકરી ઉઠાવવામાં આવતાં, તે ખોલાસાની બાબતમાં તમામ જરથોસતી સાહેબોની સરવ પ્રકારની ખાતર જમા તે કરી આપશે. તે માટે સરવે સાહેબોને નચીંત રેહેવાની એલતેમાસ હું નમનતાઈ સાથ કરૂં છું.

૫. મીનોચેહેર હોમજીના મલતયા સાથની અનજુમન તથા તેના આગેવાન સાહેબો વીશે તેમજ મોબેદ સાહેબ જામાસપજીએ અનજુમનની સભામાં કીધેલા ખોલાસા વીશે આટલી બીના જણાવયા પછી, હવે આ૦ નવરોજી રબાડીના પત્ર મધેની ખોટી અને વગર આધારની બીનાનો ખોલાસો કરવાની, તથા તેમ કરતાં મીનોચેહેર હોમજીના મલતયા સાથના સ્વતંત્ર હકો વીશે તથા તે સાથે નવસારી મધેના તેમના ભાઇબંધ ભગરયા સાથ જોડે રહેલા અને રેહેતા આવેલા જુના વખતથી તે હમણાના વખત સુધીના સંબંધ વીશે બોલવાની હું રજા લેઊં છું.

૬. તે આગમજ મારે જણાવવું જોઇયે કે આ૦ નવરોજી રબાડીના પત્રને વજન લાગુ પાડી તે ઉપરથી કેટલીક જુની નાપસંદ વાતોને બાહેર કહાડી જાહેરમાં મેલવાની હું તસદી ખેંચત નહીં, પણ હું સમજું છું કે તે અંધયારૂએ પોતાના નામથી જે પત્ર પ્રગટ કરાવ્યો છે તેમાનું લખેલું જેમ

તેમનું પોતાનું નથી, તેમ દાખલા દલીલને નામે જે દેખઇતી બેવજન અને બેહુદી વાતો તથા ધામધુમ તેમાં કરવામાં આવી છે તે પણ તેમનું પોતાનું નથી; પણ તે સઘળું, તેમની પીઠે રહેલા થોડા અથવા ઘણા ભગરયા સાથના સાહેબોનું કામ છે. તેટલાં કારણસર આ૦ નવરોજી રબાડી પાસે પ્રગટ કરાવવામાં આવેલો પત્ર, વગર રદયો આપવે ઊભો રહેલો જોવાને હું ચાહતો નથી. પ્રગટ કરવામાં આવેલું લખાણ આ૦ નવરોજી રબાડીનું પોતાનું નથી તે વીશે મારી ખાત્રી છતાં તે ધણીએ તેનો જોખમ પોતાને સીર લીધો છે, તો તેમ કરવાને તે મુખતયાર છે; પણ હું જ્યારે સમજું છું કે તે લખાણ તેમની પીઠે રહેલા થોડા કે ઘણા ભગરયા સાહેબોએ તેમને તઇયાર કરી આપી તેમને બાહેર પાડયા છે, તયારે તે બીના મીનોચેહેર હોમજીની અનજુમનના મારા જેવા એક ગરીબ સેવક તરફથી રદયો આપવાને લાયકની થઈ પડેછે. દલગીરી સાથ હું જણાઊં છું કે આ રદયો અથવા ખોલાસો આપવાની જરૂર તે ભગરયા સાહેબોએ પાડી છે; અને પાડી તો તેઓ મુખતયાર છે, પણ તે ઉપરથી જે કાંઈ ન ધારેલા ખુલાસા અથવા બીના મારા ભગરયા ભાઇબંધો સામે આલમની હજુર મેલવાની મને ફરજ પડે, તે માટે તેઓએ મેહેરબાની કરીને ખફા થવું નહીં. મીનોચેહેર હોમજીના મલતયા સાથની અનજુમને તેમને કસી પ્રકારે નઠારૂં નહીં લાગે તે માટે જે દુરઅંદેશી તથા લાયકી પોતાની સભામાં વાપરી હતી તે, તે સભાના પ્રગટ થયલા હેવાલ ઉપરથી આઇનાની મીસાલે સરવે સાહેબોના જોવામાં આવી હશે. તે પછી છેડતીની શુરૂઆત આ૦ નવરોજી રબાડીને આગલ પાડીને ભગરયા સાથના થોડા કે ઘણા સાહેબોએજ કરી છે તો, હું ઉમેદ રાખું છું કે, મારી તરફથી હાલ તરત ટુકમાં કરવામાં આવતા ખોલાસા તથા જણાવવામાં આવતી બીજી હકીકત ઉપરથી ભગર સાથના સાહેબો મારા ઉપર ગુસો કરશે નહીં.

૭. ભગર સાથના તેવા કેટલાક સાહેબોએ આ૦ નવરોજી રબાડીને આગલ કરીને જે પત્ર છપાવયો છે તે, મારે જણાવવું જોઇયે કે, જેમ કેટલેક દરજજે સભયતા ભરેલો તેમ કેટલેક દરજજે તાનાજની ભરેલો તથા મીનોચેહેર હોમજીના મલતયા સાથની અનજુમનને નાહક બુરૂં લગાડવાની તજવીજથી ભરપુર છે. વળી તેમાં કેટલીક બીના ખોલી જણાવવાની કોશેશ જેમ કરવામાં આવેલી જણાય છે, તેમ કેટલીક બીના, ગમે તેવી

તજવીજ છતાં પોતાની તરફેણમાં દેખાડી નહીં શકાશે એમ લાગયાથી, ગુચવી નાખવાની તથા ભરમમાં રાખીને પતાવી દેવાની તજવીજ કરવામાં આવી છે. એવી રીતે આ૦ નવરોજી રબાડીની મારફતે ભગરયા સાહેબોએ જે પંચભેલ પત્ર પ્રગટ કરાવયો છે તેને હું પેચદાર પત્ર કહું છું; પણ તેટલામાટે તે, મારી ખાતરી છે કે, કદીબી વજનદાર ગણાશે નહી. સાંમટો લેતાં તે પત્ર લસર પસર હોવાના સબબથી, મારી જાણ મુજબ, કેટલીક જગોએ તો અતયાંરથીજ ભગરયા સાથની પોતાની સામે પુશકળ શક ઉભો કરવાને જેમ કામે લાગયો છે, તેમ મીનોચેહેર હોમજીના મલતયા સાથના હકોને લગતી જે ઘણીક બીના આડી તેડી રીતે પણ તેમાં કબુલ રાખવાને આ૦ નવરોજી રબાડીના ભગરયા દોસતોને ફરજ પડી છે તે ઉપરથી મુસતકીમપણે તે હકો વીશે ખાત્રી કરવાને પણ ઉપયોગી થઈ પડયો છે; અને મારી ખાત્રી છે કે, હવે પછી પણ તે એવીજ રીતે ઉપયોગી થઈ પડતો જશે.

૮. આ૦ નવરોજી રબાડીને બાહેર પાડનારા તેમના ભગરયા દોસતોને ખબર નહીં હશે કે, એ આ૦ નવરોજી રબાડીએ પોતે, ભગર સાથ ને મીનોચેહેર હોમજીના મલતયા સાથની જોડે કશુંબી લાગતું વલગતું નથી એવો પોતાનાં મનમાં જનમનો બેસાડેલો મત કાગજ ઉપર આપયો છે; અને તે કાગજ આજ કાલનો નહીં, પણ યઝદેઝરદી ૧૨૩૯ ના સાલનો છે. રોજ ૧૩ મો માહ ૨ જો યઝદેઝરદી ૧૨૩૯ નાં તે કાગજમાં આ૦ નવરોજી રબાડીએ કોઈજ નહીં પણ મરહુમ નેકનામદાર શેઠ રૂસતમજી જમસેદજી જીજીભાઈ ઉપર મીનોચેહેર હોમજીના મલતયા સાથના બીજા ઘણા સાહેબો સાથ મળતા થઇને લખયું હતું કે,

> "હમારો ટોળો જે મીનોચેહેર હોમજીના મળતીયા સાથનો ગણાય છે તે આજ નજદીક બહસો વરસ થવા આવયાં ભગર સાથથી જુદો પડયો છે, અને તે જુદાઈ પછી હમારી સાથે **તેમને કશું લાગતું વલગતું નથી. હમો તેમને હમારી વચે આવવા દેતા નથી, અને તે લોકોને હમારીથી, હમારાં દીન આઇનનાં કામથી એલાહેદા ગણીએ છઇએ.**

> "શેઠજી સાહેબ હમો મુંબઈની હમારી અનજુમન સાથ જોડાયલા

છઇએ, અને હમારા ઘણા ખરા વડીએલો મુંબઈમાં છે. તેઓ સાહેબો જે મુજબ કોઈ બાબદ ઉપર નકી નીવેડો આણશે, તે મુજબ હમો ચાલવાને તઇયાર છઇએ."

૯. આ આસલ કાગજ મારી પાસે મોજુદ છે, અને તે કાગજમાં લખેલી તમામ બીના આ૦ નવરોજી રબાડીના સાથી આ૦ હોરમજી પણ કબુલ રાખે છે. તેઓએ તેમાં સહી કીધી નથી, કારણ તે વેળાએ ભગર સાથના મુખીઓએ ચલાવવા માંડેલી એક જાસતી સામે કામ લેવાના સબબસર તેઓ નવસારીથી બાહેર ગયલા હતા; પણ તેમના એક છોકરાએ તે આખો કાગજ લખયો છે, અને તેના ઉપર બીજાઓ ભેગા તેમના બે છોકરાઓએ સહીઓ કરી છે. હવે જેઓ ભગરના સાથ સામે આ જાતનો એકરાર કરતા આવેલા અને તે જાતનાં મતજોડે ઉધરેલા, તેઓ એકાએક તે સાથનો થોડો પણ હક દલીલો મીનોચેહેર હોમજીના મલતયા સાથ ઉપર રહેલો કહેવાને મેદાન પડે, તેમનાં તેવાં બોલવાને કોઈ પણ શીઆણો ગ્રહસથ કાંઇબી વજન કેમ કરીને લાગુ પાડશે? એવા એક ધણી પાસે મીનોચેહેર હોમજીના મલતયા સાથ ઉપર ગોળ ગોળ ભાષામાં તેની પીઠે ઉભા રહીને જે ભગરયા સાહેબોએ ખોટા અને વગર આધારના હુમલા કરાવયા છે, તેઓ અને તેમના તમામ ભાઇબંધો જોઇ લેશે કે, જે ધણીને પોતાના સાથને ટેકો આપવાને ઉભો કરયો છે તે ધણી આગમજથીજ તેમના વીશે કેવો વીરૂધ અભીપ્રાય ધરાવતો આવ્યો છે; અને તેટલામાટે તેના નામથી લેવા માંડેલો ટેકો કદી પણ વજન પકડનાર નથી.

૧૦. આટલું જણાવી, આ૦ નવરોજી રબાડી પાસે જે તકરાર તેમના ભગરયા દોસતોએ રજુ કરાવી છે તેની ઉપર, હવે મારા હમદીન સાહેબોને ધયાન આપવાની હું અરજ કરૂં છું. સઘળી બાબદોની વચે આટલી બીના હું પાક યજદાનના શુકર ગુજારવા જેવી જોઉછું કે આ૦ નવરોજી રબાડીના ભગરયા દોસતોએ, ગમે તેવી તાલ તલાવટ કરવા છતાં, મીનોચેહેર હોમજીના મલતયા સાથના ઘણાક સ્વતંત્ર હકો કબુલ રાખવાની આનાકાની કીધી નથી; તો પણ તેને લગતાં વાકયો આ૦ નવરોજી રબાડીના પત્રમાં એવાં ભેળાઈ ગયાં છે, અને તેની સાથે વળી ગુચવણ ભરી બીજી બીનાઓનો એવો મીશ્ર કરયો છે, કે તે તે પત્રમાંથી ખુલેપણે જોઇ લેવાને ઘણા સાહેબોથી બની આવયું નહીં હશે. મીનોચેહેર હોમજીના મલતયા સાથના હક,

સ્વતંત્રતા, ઇતયાદી, જે ઘણે દરજ્જે આ૦ નવરોજી રબાડીને બાહેર પાડનારા ભગરયા સાહેબોએ કબુલ રાખવાની તે પત્રમાં મેહેરબાની કરીછે તેટલી વાત જુદી પાડીને દેખાડયાથી, મીનોચેહેર હોમજીના મલતયા સાથ સામે વળી જે ખોટી અને વગર આધારની કેટલીક બીના વરેહવાર રીતે મરડી મચડીને ઘુસાડવામાં આવીછે તે જમીનદોસ્ત સહેલથી થઇ જતી જોવામાં આવશે. તે કારણસર ઘણી મેહેનતમાં ઊતરવાની જરૂર નથી. આ૦ નવરોજી રબાડી પાસે તેમના ભગરયા દોસ્તોએ પ્રગટ કરાવેલા પત્રમાંથી થોડાંક વાકયોજ હું હેઠલ ઊતારૂં છું, જે ઉપરથી મારા ભલા હમદીન સાહેબોની ખાતરી મારા બોલવા વીશે સેજમાં થઇ જશેઃ—

૧. "ભગર સાથના પંથકના અકાબરો વાદીઓ કેહેવાયછે એમ ચોકસ દડે છે, સબબ હમારા ઊપર જે એવી મતલબનો દોષ મુકવામાં આવેલો છે કે **હમારી સાથવાલાના અનજુમનના અકાબરો છે એમ નથી.**"

૨. "'હમારી અનજુમનના અકાબરો' એમ હું એમ કેહેવામાં મીનોચેહેર હોમજીની સાથવાલા મોબેદોની અનજુમનના અકાબરો છે એવો મારો હેતુ બીલકુલ હતો નહીં અને છે પણ નહીં."

૩. "હમારી જુબાની એકંદરી ભગર સાથના પંથકના શું હક છે તેને લગતી છે, અને તે હકોની માહીતી બતાવવામાં હમારા ટોલાની [એટલે મીનોચેહેર હોમજીના મલતયા સાથની] ઇજત અને હક સાચવી પુર સંભાલથી આપવામાં આવીછે."

૪. "બીજા કોઇ પંથના બેહેદીન અથવા મોબેદ એવી અગીઆરી અગર ઇજિવાનું કામ નોસારીની અનજુમનની પરવાનગી સીવાય કરે નહીં એવો ફકરો મારી જુબાનીમાંથી લેવામાં આવેલો છે. પણ એવું કામ બીજા પંથના મોબેદ અને બેહેદીન કહી હદમાં નહીં કરી શકે તે મારા [એટલે મીનોચેહેર હોમજીના મલતયા સાથના] મેહેરબાન સાહેબોએ જણાવયું નથી, સબબ ખુલાસો કરૂંછું કે **આવું કામ ભગર પંથની હદમાં એવો બેહેદીન અથવા મોબેદ કરી શકે નહીં.**"

૧૧. ભગરયા સાહેબોએ આ૦ નવરોજી રબાડીની મારફતે જો કે ભારે ગુચવાડા વચે મીનોચેહેર હોમજીના મલતયા સાથને આટલો ઈનસાફ આપયો છે, તોપણ તેવા ગુચવાડા વચેથી પણ સંતોષ ઊપજાવા જેવો તેટલો ભાગ જુદો પાડી દેખાડવાને હું આ મુજબ શકતીવાન થયો છું તે માટે તે સાહેબોનો આભાર માનું છું. તેઓ આટલું તો સાફ કબુલ કરે છે કે, (જુઓ ઉપર ઉતારેલો ફકરો ૧ લો તથા બીજો) મીનોચેહેર હોમજીના મલતયા સાથની અનજુમન જેમ જુદી છે તેમ તેના અકાબરો પણ જુદા છે, અને ભગર સાથની અનજુમનના અકાબરો સાથે તેમને લાગતું વલગતું નથી. બીજું, (જુવો ફકરો ૩ જો) ભગર સાથની અનજુમનના હક જેમ જુદા છે, તેમ મીનોચેહેર હોમજીના મલતયા સાથની અનજુમનના હક પણ જુદા છે, અને તે હકો અને તેની ઈજત પુર સંભાળથી સાચવીને, આ૦ નવરોજી રબાડી કહેછે કે, મેં જબાની આપી છે; અને તેમને બાહેર પાડનારા તેમના ભગરયા દોસ્તો તેના ઉપર હાનો સેરો મારેછે. ત્રીજું, (જુવો ફકરો ૪ થો) નવસારીમાં ભગર સાથના હકની હદમાં બીજી હદના એહેદીનો તથા મોબેદો કામ કરી શકે નહીં, એટલે મીનોચેહેર હોમજીના મલતયા સાથની હદ જુદી છે, અને તેમાં ભગર સાથને કસું લાગતું વલગતું નથી. ભગર સાથનો હક તેમની હદમાં છે એટલુંજ.

૧૨. મીનોચેહેર હોમજીના મલતયા સાથની અનજુમનને આ મુજબ ઈનસાફ આપયા વિના ભગરયા સાહેબોને ચાલયું નથી, અને ઉપર જુદાં પાડી દેખાડેલાં વાકયો, બીજાં લખાણમાં ગમે તેવાં ભેલાઈ ગયાં છે અથવા ભેલી નાખીને મેલવામાં આવયાં છે તો પણ, તેઓમાં મીનોચેહેર હોમજીના મલતયા સાથની અનજુમન, તેના અકાબરો, તેના હક, ઈતિયાદી, એ સરવ જુદું પાડી તે અનજુમનને સ્વતંત્ર, તેના અકાબરોને સ્વતંત્ર તથા તેના હકોને સ્વતંત્ર કબુલ કરયા વીના ચાલયું નથી; અને બચીત છે પણ તેમજ.

૧૩. પણ હવે કીસ્સો આગલ ચાલેછે; અને શીઆણા જરથુશતી સાહેબોને તે માહેલી ઘણીક હકીકત તેનાં ભીતરમાંથી બાહેર ખેંચી કહાડીને બારીકીથી તપાસી જોવાને લાયકની માલમ પડશે. તે તપાસવાની જરૂર ફકત મીનોચેહેર હોમજીના મલતયા સાથ અથવા ભગરયા સાથને ખાતરજ નથી, પણ આખી પારસી આલમને પોતાને ખાતર પણ છે. પેહેલાં, "ભ-

ગરયા અનજુમન" એટલે શું, તેનો અરથ, તેની હદ અને તેની સતા વીશે પુછ પરછ કરવાની જરૂર છે. તે બીના, તેના હકની હદ અથવા તેની સતાની હદ, અને તેટલામાટે દરેક પંથકના મોબેદ અને દરેક શેહેર અથવા કસબા અથવા ગામના બેહેદીનોના હકની હદ તપાસી જોવાનાં કારણસર ભારે અગત ધરાવે છે. તેજ એ બીના છે, જે આ૦ નવરોજી રબાડીને નામે બરોબર ખુલાસાથી લખવાની તેમના ભગરયા દોસ્તોએ હીંમત કીધી નથી, પણ તેને ભરમમાં રાખીને સઘળી બાબદ ગુચવી નાખી છે; અને તેમ કરીને તમામ પારસી આલમનાં મોહ ઉપર પરદો નાખીને ભરમમાં ને ભરમમાં ભગર સાથની અનજુમનને અને તેના અકાબરોને કુલે પારસી આલમના, એટલે તમામ બેહેદીનો તથા તમામ મોબેદોના વડા કરી બેસાડવાની બાજુ બાજુએથી ધીરે રહીને તજવીજ કરી છે, જે આ કેલવણીના જમાનામાં મુદલ ચાલી શકશે નહીં; અને જે તજવીજ ખુલી પાડયાથી પોતાની આસપાસ કેવા પ્રકારની જાળ નખાય છે તેનો ખયાલ, મુંબઈના અને બાહેર દેશાવરના તમામ બેહેદીન તથા મોબેદ સાહેબોને કરવાને પણ બની આવશે.

૧૪. ભગર સાથની અનજુમનને મીનોચેહેર હોમજીના મલતયા સાથની અનજુમનથી જેમ જુદી પાડવામાં આવીછે, તેમ તેના અકાબરોને પણ મીનોચેહેર હોમજીના અકાબરોથી જુદા પાડવામાં આવયાછે, તે મેં ઉપર દેખાડયું છે; પણ તેટલું છતાં પાછળથી ભગર સાથની અનજુમનના અકાબરો મીનોચેહેર હોમજીના મલતયા સાથની અનજુમનના ઉપર વડપણ ભોગવતા હોય અને તે વડપણ ભોગવવાનો હક તેઓ ધરાવતા હોય એવું લાકડું, ઘર પુછડાં વગરના કેટલાક હસવા સરખા સવાલોનો ઢગલો કરીને, ઘુસાડવાની તજવીજ કરવામાં આવીછે; અને તે સાથે ભગરસાથના હકની હદને નામે મુંબઈથી તે સુરત સુધી જાળ પાંથરવામાં આવીછે. પણ વળી જ્યાં ગાબડું મારવાની જગા રહી નથી, તયાંથી તે હદ પાછી ખસેડી પણ દીધી છે. નવસારીની કે મુંબઈનીજ નહીં, પણ સરવે તરફની તમામ પારસી આલમે આ બે બાબદ ઉપર ખુબ ગોર કરવાનો છે, અને તે ઉપરથી ભગરયા સાથના અકાબરોએ તમામ પારસીઓ ઉપર બાજુએથી ઉઠાવેલા ઓચંબો ઉપજાવનારા દાવાને લગતી મેં ઉપર જણાવેલી બાબદ ઉપર વીચાર દોડાવવાને બની આવશે. આ૦ નવરોજી રબાડી પાસે તેમના ભગ-

રયા દોસ્તો બોલાવેછે કે, "ભગરસાથ પંથકના અકાબરો" જે "વાદીઓ કેહેવાછે" તેઓ "હમારી અનજુમનના અકાબરો છે એમ બોલવાનો મારો "હેતુ એ છે કે, નોસારી ખાતે વસનારા **તમામ જરથોશતી જેમાં "બેહેદીન સાહેબો પણ આવેછે તે બધાના અકાબર એટલે "દુનયાદારીના તમામ જાતના વેહેવાર ઉપર ચાલતા આ- "વેલા બંધારણ પ્રમાણે દેખરેખ રાખનાર તથા નીતીની "સંભાળ કરનાર એ સાહેબો છે (!!!)** એ વાત નીરવીવાદ છે."

૧૫. આ૦ નવરોજી રબાડી આ વાકયનો અરથ બરોબર સમજીને નહીં લખી શકે તે હું સમજી શકુંછું, પણ તેમની પીઠે રહેલા તેમને આ વાકય લખી આપનારા કાબેલ ભગરયા સાહેબો પણ તેનો અરથ નહીં સમજે, અને એવાં વાકય લખીને તમામ પારસી આલમની જાણ માટે છાપામાં પ્રગટ કરાવવાની હીંમત કરે, એ આજના કેળવણી, સુધારા અને અંગ્રેજી તથા સુધરેલા ગાયકુવારી રાજ અમલમાં ઓચંબા ભરેલું અને કેટલેક દરજવ- ભય ભરેલું પણ લાગેછે. "ભગર સાથ પંથકના અકાબરો" એટલે જેન સારીના દશતુરજી સાહેબ દારાબજી માહીયારજી તથા દેસાઇજી મીનોચેહેરજી એદલજી તથા દેસાઇજી એદલજી બમનજી એટલા સાહેબો નવસારી મધેના "બધા" પારસી રેહેવાસીઓના "દુનયાદારીના તમામ જાતના વેહેવાર ઉ- પર ચાલતા આવેલા બંધારણ પ્રમાણે દેખરેખ રાખનાર" ઠર્યાછે, તથા તે સાથે "બધા" પારસીઓની "નીતીની સંભાળ કરનાર" ઠર્યા છે, અને "તે વાત નીરવીવાદ છે," તો હું પુછુછું કે પ્રજાના છુટાપણા સાથ અને તે- મના ઘરસંસારી તથા ખાનગી વેહેવાર સાથ સંબંધ ધરાવતી બાબદ ઉપર દેખરેખ તથા સંભાળ રાખવાની સતા તેમને કોણે આપી છે? ગાયકુવાર માહારાજા શીહાજી રાવ ઘણા ઇનિસાફી અને ઘણા શીઆણા તથા બાહોશ રાજ કરતા છે, અને તેઓએ તમામ વરણની પોતાની બચાંસમાન પ્રજાને માથે પોતાની તરફથી ઠરાવેલા અમલદારો, પોતે ઠરાવી આપેલા કાયદા કા- નુન મુજબ, અમલ ચલાવવાને મેલયા છે, અને માહારાજા સાહેબના રા- જ્યમાં તેમના સીવાય બીજા કોઇપણ શખસો તેમની પ્રજાના નાના કે મોટા ભાગ ઉપર કોઇ પણ પ્રકારની સતા હાથો હાથ લઇ બેસે નહીં

તથા હક ભોગવવાનો દાવો કરે નહીં એવો સુધરેલો નીયમ તેઓ હઇન-સાફી નામદાર માહારાજા સાહેબે રાખયો છે, અને તે સઘલું છતાં નવ-સારીના "બધા" પારસીઓ ઉપર કોઇબી જાતની "દેખરેખ રાખનાર" તથા તેમની "નીતીની સંભાળ કરનાર" થઈ બેસવાનો દાવો નવસારીના બે ત્રણ પારસીઓ હાથો હાથ ધારણ કરી બેસે, એ હસવા સરખોજ નહીં, પણ નામદાર મહારાજા શીહાજીરાવની અદલ સરકારે ખબર લેવાજોગ બીના છે. પણ આ હસવા સરખો અને ખબર લેવાજોગ દાવો દસતુરજી સાહેબ દારાબજી માહીયારજી તથા તેમની જોડના બે દેસાઇજીઓ પોતે રજુ કર-વાની હીંમત કરેછે કે નહીં તે જોવા તથા જાણવાને હું ખોટી થાઉછું. તેઓ તે દાવો કરે તે જોયા પછી તેમની ખબર બે રીતે લેવાની જરૂર ઉભી થશે. ખુદ નવસારીના રહેવાસી પારસીઓએ તથા મુંબઇમાં તથા બીજી તરફ રે-હેતા નવસારીના પારસીઓએ પોતાની જાતી સ્વતંત્રતાની જાળવણીમાટે તેની ખબર લેવાની જેમ જરૂર પડશે, તેમ નામદાર માહારાજા શીહાજીરાવના નીયાઈ અને પ્રજાને છુટાપણું આપેલાં રાજ્યમાં તેમની પ્રજાના નાના કે મોટા ભાગઉપર એવા વગર સતાનાં માણસો હાથોહાથ સતા કેમ લઈ બેઠા છે તે બાબદની કાયદાની રૂયે પુછપરછ ચલાવવાની પણ જરૂર ઉભી થશે.

૧૬. અંગ્રેજી રાજ્યમાં પારસી પંચાયતોનો જોર જ્યારે સરવે જગોએ પડી ભાગયો છે, અને મુંબઈ જેવું મોટું અને નામીચું શેહેર, જેમાં નવ-સારીના કેહેવાતા અકાબરો બાજુએ રહી જાય એવા તો સંખયાબંધ સા-ધારણ પારસીઓ વસેછે, અને જેમાં શીખેલા તથા તવંગર અને સખી પારસી-ઓની ખુટ નથી, તયાં કોઇ એક કે બે કે વધુ પારસી અકાબરો પોતાના ભાઈબંધ પારસીઓની "દેખરેખ રાખવાની" તથા તેમની "નીતીની સં-ભાલ કરવાની" સતા ધરાવવાનો દાવો જ્યારે કરી શકતા નથી, અથવા તેવો હક ધરાવયે છીએ એમ કેહેવું જ્યારે સજાવાર સમજતા નથી, તયારે નવસારીમાં ઉઠાવવામાં આવેલો આ જાતનો દાવો હસી કહાડવા જેવોજ નહીં, પણ દરેક પારસીએ પોતાની કોમના છુટાપણાની જાળવણીને ખાતર સખત રીતે ખબર લેવા જોગ થઈ પડેછે.

૧૭. મુંબઈ સીવાય સુરત, પુણા કે બીજી તરફ પણ એટલો મોટો દાવો કરવાની એટલે પારસી ટોલાના નાના કે મોટા ભાગના "દુનયાદારીના

તમામ જાતના વેહેવાર ઉપર ચાલતા આવેલા બંધારણ પ્રમાણે **દેખરેખ** રાખવાની" તથા તેમની "**નીતીની** સંભાળ કરવાની" કોઈ ભગરયા કે કોઈ બીજા ટોલાના મોબેદ કે બેહેદીન સાહેબ હીંમત કરતા નથી, બલકે તે તેમનું કામ નથી એવું જ્યારે સમજવામાં આવેછે, તયારે નવસારીના દસ્તુરજી સાહેબ દારાબજી માહીયારજી મેહેરજી રાણા તથા તેમની સાથના વાદીઓ દેસાઇજી મીનોચેહેરજી એદલજી તથા દેસાઇજી એદલજી બમનજી આ૦ નવરોજી રબાડીની મારફતે અજબ દાવો લઈ નીકળયા છે. પણ આ મુજબનો એક નવો બુતો ઉભો કરીને આ૦ નવરોજી રબાડીની મારફતે તેમના ભગરયા દોસ્તોએ નવસારીમધે તથા મુંબઇમધે તેમજ બીજી તરફ વસતા નવસારીના તમામ પારસીઓને મોટું અપમાન કરયું છે, જેવીશે મારા નાકેશ વીચાર મુજબ તેમની ખબર લીધાવીના તેમને જતા મેલવા જોઇતા નથી.

૧૮. એક આખી કોમના "દુનયાદારીના તમામ જાતના વેહેવાર ઉપર દેખરેખ રાખવાનો" અને તેની "નીતીની સંભાળ કરવાનો" કોઈ પણ શેહેર કે કસબામાં કોઈ એક કે બે ચાર ધણીઓ દાવો કરે, તયારે તેમના દાવાની પરીક્ષા કરી લેવાને મુશકેલ પડે નહીં. તેવા ધણીઓના ઓશીઆળા અથવા તેમને આધારે પડેલા શખસોને આપણે બાજુએ મેલીશું; પણ બીજા તરાહેત ધણીઓ ઉપર તેવા દાવો કરનારા શખસોએ, આપણે ધારયે કે, કોઈ પ્રકારનો હુકમ કરયો અને તે હુકમની દરકાર સામેવાળાઓએ નહી કરી, તો પછી પોતાનો હુકમ બજાવવાની તે દાવો કરનારા શખસો શું સતા ધરાવે છે તે જોવું જોઇયે. નવસારીમધે ઉભા થયલા તેવો દાવો કરનારા સાહેબો પોતાનો હોકમ, "નવસારી ખાતે વસનારા તમામ જરથોસતી કે જેમાં બેહેદીન સાહેબો પણ આવેછે તે બધાના" ઉપર બજા લાવવાની કાંઈ સતા ધરાવેછે? તેઓના હુકમની દરકાર નહીં કરે એવા ધણીને દંડની કે બીજી સજા તેઓ કરી શકેછે? અથવા કોઈ બીજી સજા કરવાની સતા તેમને નામદાર માહારાજા સાહેબ શીહાજીરાવે શું આપીછે? ભગર સાથના બે અકાબરો પોતાના સાથના મોબેદો અથવા દસતુરો ઉપર, નવસારીમધેની પોતાની દરેમેહેર અને આતશબેહેરામની મારફતે તેઓએ પોતાની રોજી ખોલી ખાવાની હોવાથી, ગમે તે રીતનો દોર ચલાવે તેની સાથ હમો મીનોચેહેર હોમજીના મલતયા સાથને અને નવસારીના બેહેદીન સાહેબોને કામ નથી, પણ હું આ જગોએ બાપોકાર કહુંછું કે તેમને હમારી

ઉપર તેમજ બેહેદીન સાહેબો ઉપર કસી પણ દેખરેખ રાખવાની કે હમારી કે તેમની નીતીઉપર સંભાળ રાખનાર થઈ બેસવાની કશી પણ સતા કે હક નથી, અને જેબી ધણી અથવા ધણીઓ તેવું કાંઈ બોલે અથલા બોલાવે તે ધણી અથવા ધણીઓ તે વાત બેહુદીજ નહીં, હસવા સરખીજ નહીં, પણ કાયદાની મારફતે ખબર લેવા જોગ પણ કરેછે એમ જાણવું.

૧૯. પણ સરકારી સતાની અને બીજી વાતો પણ તુરતવેળા બાજુએ મેલીને હું પુછું છું કે, એ અકાબરોને "નવસારી ખાતે વસનારા તમામ જરથોસતી કે જેમાં બેહેદીન સાહેબો પણ આવેછે તે બધાના" ઉપર "દેખરેખ રાખનાર" તથા તેમની "નીતીની સંભાળ કરનાર" અથવા સાદા મુખીઓ તરીકે પણ કયે દીવસે ઠરાવયા છે? હું કહું છું કે તેમને પોતાના મુખી તેઓએ કદી ઠરાવયાજ નથી; અને તેમને નવસારીના "તમામ જરથોસતીઓ" ઉપર મુખીપણું કરવાનો કે તેમના મુખીઓ કેહેવાવાનો કશો હક કે સત્તા નથી, અને જે કોઈ ધણી અથવા ધણીઓ એવો દાવો કરતા હોય તે દાવો બીલકુલ ખોટો તથા રદ બાતેલ છે.

૨૦. પણ અઢાર વરસ ઉપર બનેલો એક દાખલો એ અકાબરોના આ હસી કાહાડવા જોગ દાવાનો રદયો ઘણો માકુલ આપેછે. ઇસિવી ૧૮૭૪ (સંવત ૧૯૩૦) ના જાનેવારીથી મે માસ સુધીમાં મળેસર ફળીયાના બેહેદીન સાહેબો નવસારીના તે વખતના ભગરયા અનજુમનના અકાબરો સામે બહુ ગુસે થયા હતા, અને તેઓએ જાનેવારી માસમાં ઠરાવ કીધેલો વરતમાન પત્રમાં છપાયો હતો કે, "હાલના ત્રણ આ કાબરો, એક દસતુર તથા "બે દેશાઇઓ" જે કામ કરેછે તેથી "મલેસરની અનજુમન દલગીર છે; "અને તે પોતા વચે એવો ઠરાવ કરેછે કે હવેથી તેઓ પોતાની અનજુ-"મનનાં હરેક શાદી રામશનીને લગતાં ધરમનાં કામો કે જે નવસારીની "અનજુમનના દસતુરોની મારફતે કરાવતા હતા તે તેમ નહીં કરાવતાં, "પોતાની મરજીના મોબેદો પાસે કરાવશે." આ ઠરાવ વળી, તેજ વખતે જાહેર થયા મુજબ, મલેસરના બેહેદીન સાહેબોએ "મુંબઈ મધે પોતાના આગેવાન એક શેઠની જાણને માટે (ધારવા પ્રમાણે સર જમશેદજી જીજીભાઈ બારોનેટ ઉપર) મોકલાવયો" હતો. એ પછી તા૦ ૨૯ મી એપ્રીલને દને સર જમશેદજીવાલા બાગમાં મલેસરની તમામ અનજુમન મળી

હતી, અને તે મધે સાત મોબેદો અને એકસો બેહેદીનો હાજર થયા હતા. તેઓએ તયાં કેટલીક વાતચીત ચલાવયા પછી જે ઠરાવ કરેલો વરતમાન પત્રમાં છપાયો હતો તે એવો છે કે, "મલેસર મધે જીંદેહરૂવાન, લગન, ન-
"વજોત તથા ઉઠમણામાં દસતુર રૂસતમજીને (જેઓ હાલના દસતુરજી
"સાહેબ દારાબજી માહીયારજીના કાકા થાય અને તે વખતે તેમના રાહબર
"હતા) તથા તેમના સરવે ભાઇઓને અને તેમના ઘરમાંનાં કોઇનેબી બો-
"લાવવા નહીં;" અને જીંદેહરૂવાનને લગતું સરવે કામ "મીનોચેહેર હોમ-
"જીવાલા મોબેદો સોડે કરાવવું, અને જેઓ કામ કરવા આવે તેમને અ-
"સલ લેખમા લખેલાં લવાજમ પ્રમાણેજ દામ આપવું, અને હાલ દસતુર-
"વાલાઓ રગબદલ કરીને જેમ વધારે લીએ છે તેમ નહીં આપવું." આ
"ઉપરાંત તે વેલાએ એક બીજો બનાવ બનયો હતો તેની નોધ પણ વર-
"તમાન પત્રમાં લેવાયલી આ મુજબ છે કે, તા૦ ૨૭ મી એપ્રીલ ૧૮૭૪ ને
"દને દસતુર રૂશતમજીના ભાઈ દસતુર બેહેમનજી કેકોબાદજી મલેસર ખાતે
"એક પારસીને તયાં નવજોત કરવા ગયા હતા, પણ ઘરધણીએ તેમને
"પાછા વાલેલા કેહેવાય છે. એનું કારણ ઉપલી ખટપટનુંજ ધારી શ-
"કાય છે." આટલું કીધા પછી, મલેસરમાં તા૦ ૭ મી મે ૧૮૭૪ ને દને લગન થયા તે વખતે, મલેસરના બેહેદીન સાહેબોએ ભગરસાથના દસ્તુરો તથા મોબેદો સામેનો પોતાનો ઠરાવ અમલમાં મેલી દેખાડયો હતો. તે વીશે વરતમાન પત્રમાં જણાવવામાં આવયું છે કે, બેહેદીન સાહેબોએ "પોતાના
"પંથકી પાસે મોબેદો બોલાવી આશીરવાદ સરાવયા હતા. દસ્તુરને રૂ૦ ૨
"તથા દેશાઈ બહમનજી પોલીઆને રૂ૦ ૧ લગનની રજાના કરી મલેસરથી
"આપવામાં આવતા હતા, તે પણ પોતાના ઠરાવ પ્રમાણે નહીં આપયા
"હતા. આજરોજે એક જીંદેહરૂવાન મલેસર ખાતેનું તયાની સર જ૦ જી૦
"વાલી દરેમેહેરમાં મંડાવયું છે તથા તેની રજા માટે રૂ૦ ૨ દસ્તુરને આ-
"પતા હતા તે પણ માંડી વાલયા છે."

૨૧. નવસારીના દસ્તુરજી સાહેબ દારાબજી માહીયારજી તથા તેમના સાથી બે દેસાઇજીઓ જ્યારે નવસારીના "તમામ જરથોશતીઓ" ના ઉપર, અને તેમાં અલબતે મલેસરના બેહેદીન સાહેબોની ઉપર પણ, "દેખ-રેખ રાખવાની" તથા તેમની "નીતીની સંભાળ કરવાની" સતા ધરાવતા હતા, તો તે અકાબરોનેજ અને તેમની જોડે ભગરની તમામ અનજુમનને

તે વેળાએ મલેસરના બેહેદીન સાહેબોના હાથથી ઉપર જણાવયા પ્રમાણે દુર મેલાવા જેવી હાલતમાં કાંએ જવું પડયું હતું? ખરી વાત એ છે કે જે દાવો તેમનામાટે આ૦ નવરોજી રબાડી પાસે તેમના ભગરયા દોસ્તોએ રજુ કરાવયો છે તેવો દાવો, સતા, હક કે કશુંબી તેઓ ધરાવતાજ નથી; પણ દોસ્તી, વેહેવાર અથવા સભયતાની રૂએ મલેસરના બેહેદીનો નવસારીના દસ્તુરજીને અથવા બીજા બુજરગ સાહેબોને માન અકરામ અથવા મોટાઈ આપતા અને આપે છે, અને તેમના તરફથી કસુર થતાં તે અથવા બીજા બેહેદીન સાહેબો તેમની દરકાર કરે એમ છેજ નહીં.

૨૨. તેજ મીસાલે મીનોચેહેર હોમજીના મલતયા સાથના સંબંધમાં પણ સમજવું. અને તે બાબે મારા હમજાતી સાહેબોને વધુ સમજ પાડ-વાની જરૂર પણ નથી. ભગર સાથના તે મુખીઓને મીનોચેહેર હોમજીના મલતયા સાથના મોબેદો ઈતિયાદી સાથ મુદત થયા સારો વેહેવાર રેહેતો આવયો છે, જેથી તેઓ તે મુખીઓને સરઅવસરે માન અકરામ આપતા આવયા છે. તે માન અકરામ બે ભાગમાં વેહેંચીને હું જણાવીશ. આ પછી હું કેટલીક બીના લખી જણાવીશ તે ઉપરથી જોવામાં આવશે કે, ભગરયા મુખીઓનો ડોર અને જુલમાત જુના અંધેર ગાયકુવારી રાજમાં તેઓ હકુ-મત મેલવી બેઠેલા હોવાથી ચાલતો હોવાને લીધે, જેમ નવસારીના બેહે-દીનો તેમજ મીનોચેહેર હોમજીના મલતયા સાથના મોબેદોને ઘણે દરજ્જે વ-ખતને તાબે થઈ તે મુખીઓને થંડા મીઠા રાખીને ચાલવું પડતું હતું, અને તેમાં તેઓ તેમને વેહેવારી કામકાજમાં માન આપીને રાજી કરતા, અને તે મારગે તેમના જુલમી હાથથી પોતાનો બચાવ કરતા. અને તેવો ડોર લાંબી મુદત સુધી ચાલેલો હોવાને લીધે જે છાપ જુલમાતમાં ઘસડાતા આવેલા લોકોનાં મન ઉપર બેસી ગયો હતો, અને તે સાથે કેલવણી અને સુધારાથી જે બેનસીબીમાં તેમને રેહેવું પડયું હતું, તે સબબથી તેઓ પાછલથીબી ભગ-રયા મુખીઓને માન આપતા ચાલયા હતા. વળી તે સાથે તેમના જોડે દોસ્તી મોહોબતનો વેહેવાર પડયાથી પણ તે રીતભાત કેટલેક દરજ્જે સં-ભાલીને ચાલુ રાખવામાં આવી હતી; અને તેમાં મીનોચેહેર હોમજીના મલતયા સાથના મોબેદોએ દાનાઈ તથા સાલેસાઇજ વાપરેલી જોવા તથા સમજવામાં આવશે. એક બીજી બાબદ નવસારીના દસ્તુરજી સાહેબ અને તેમના હમનશીન દેસાઇજીઓની તરફેણમાં કેમ ઉતરતી હતી, તે આ જ-

ગોએ જણાવયાવીના જતી મેલવી જોઇતી નથી. કેટલાક ભગરયા મોબેદો તથા દસ્તુરો મુંબઇમાં કેટલાક વગવાળા તથા જરવાળા બેહેદીન સાહેબોના ઉપર જે કાબુ ધરાવી બેસતા, તેની રૂયે પણ કેટલીકવાર જેમ બીજાઓ ઉપર તેમ મીનોચેહેર હોમજીના મલતયા સાથના મોબેદો ઉપર થોડા વખતની મોટાઈ મેળવી જવામાં ફાવી જતા. નામદાર સર જમશેદજી જીજીભાઈ પેહેલા બારોનેટ સાહેબે પોતાના ખરચે મલેસરમધે દરેમેહેર બંધાવી તે વખતે, તેઓએ તે દરેમેહેર સદાબરી પોતાને હસતક લઈ લેવાની તથા સરવે પ્રકારનો પોતાનો કાબુ તે ઉપર બેસાડી દેવાની તજવીજ ચલાવવાને કાંઈબાકી રાખયું ન હતું; પણ નામદાર પેહેલા બારોનેટ સાહેબ સર જમશેદજીએ ભગરયા સાથના મુખીઓને બાજુએ મેલી દઇ સરવે કામ મીનોચેહેર હોમજીના મલતયા સાથનો હક જાણી તેમનેજ સોંપયું હતું. વડપણબી તે દરેમેહેરમાં તેનેજ આપયું હતું, અને આજ તે દરેમેહેરમાં મોબેદીનો સરવે ભોગવટો તેજ સાથના મોબેદો કરેછે. પણ ભગરયાના મુખીઓ આજુબાજુ કાકલુદી ઘણી કરવા લાગયાથી, તેમને જીંદરવાનનું કોઈ કદાચ નીકળતું કામ કાજ કરવાને થોડા હીંધોલા અલાહેદા પાડી આપયા હતા, જેની મારફતે તે સાથના મોબેદો તયાં વરસ દાહાડે બહુજ થોડું કામ કરેછે. હવે એની સામે કેટલેક દરજજે જતો પેહેલા બારોનેટ સાહેબના સાહેબ જાદા મરહુમ શેઠ રૂસતમજીનો દાખલો હું ટાંકી બતાવીશ. તેમના ઉપર ઇસવી ૧૮૬૭-૬૮-(સંવત ૧૯૨૩-૨૪) માં દસતુર સાહેબ પેશોતનજી બેહેરામજી સંજાણાનો વગ પુશકળ ચાલતો હતો, અને તેઓ દસતુર સાહેબ જામાસપજી મીનોચેહેરજી જામાસપ આસાનાની સામે, તેમના "આદા કહીયાચીદ" ના પદ માટે તથા "તાઓઅહમી ન માને" ના કરદા માટે ભગરયા સાથની તરફથી જબરદસ્ત લડત ચલાવતા, અને તે વખતે મીનોચેહેર હોમજીના મોબેદો દસતુર સાહેબ જામાસપજીની થઈ પડેલી બહુ માઠી હાલત ઉપર દયા કરીને તેમની હર રીતે તકવીઅત કરતા, જેથી તે મોબેદોને તેનો સવાદ ચખાડવાને મરહુમ શેઠ રૂસતમજીની મારફતે મલેસરની અગીયારીનેલીધે તેમનો પીછો પકડવામા આવયો હતો, અને "આદાકહીયાચીદ" ના પદ માટે તેમના ઉપર દબાણ ચાલવા લાગ્યું હતું. હવે આજે જો તે મરહુમ શેઠ હઇયાત હોત તો, તેમની મારફતે મલેસરની દરેમેહેર મધેના મીનોચેહેર હોમજીના મોબેદો ઉપર ભગરયા સાથની સામે કામ લેવાને દસ્તુર સાહેબ પેશોતનજીની તરફથી કદાચ દબાણ ચલાવવામાં આવયું હોત. આ મુજબ

વગવાલા અને જરવાલા બેહેદીન સાહેબોને હસતકનાં દરેમેહેરનાં મકાનોને લીધે તથા તેમના બીજા જગવગને લીધે પણ ભગરયા સાથના મુખીઓ, જેમ બીજા પંથકના ઉપર તેમ મીનોચેહેર હોમજીના મોબેદો ઉપર કોઈ કોઈ જગોએ કોઈ કોઈ વાર કાચો પાકો દાવ લઈ જવાને શકતીવાન થયા હોય, તો તે બીના તેમના વડપણની શાહદતમાં મેલી શકાય નહીં. તે તેમને સારૂં લાગાડનારી બીના પણ ગણાય નહીં, પણ તે તેમની સામે જનારી, તેમને બુરૂં લગાડનારી બીના થઇ પડવી જોઇયે. ઇનિસાફની રૂએ જે હક ઉભો રાખી શકાય તેનેજ પોતાનો હક કરીને કેહેવો, અવસ્તાની પાક શાહદતથી જે ભણવાનું હક ગણાય તેનેજ બરહક ભણવાનું કેહેવું, પણ જેને માટે વગજગ, દાવપેચ અને કાવા દાવા કે જુલમાતનો ઉપયોગ કરવો પડે તે હક નહીં, તે બરહક ભણવાનું નહીં, પણ સામાના હક ખાઈ જવાનો, ધરમના ફરમાનો તોડવાનો તે જબુન ગુનાહ ગણાય છે.

૨૩. પણ આ બાબદને હું આ જગોએજ ખતમ કરવા માગતો નથી. જો કે મોટી જરૂર ધરાવનારી, તમામ પાયાને લગતી અને જેમાં બેહેદીન સાહેબોએ ઊંડો વીચાર કરવાનો છે તે બાબદ નેહારીજ છે, અને તેનાઉપર આગળ ચાલતાં સારી રીતે ધયાન આપવાની હું મારા મેહેરબાન હમદીન સાહેબોને અરજ કરીશ, તોપણ આ બાબદમાં કેટલોક વધુ ખોલાસો કરવાની જરૂરછે, અને તેટલા માટે તેમને લગાર ખોટી થવું પડશે તેની દરગુજર કરવી. ઉપર મેં મલેસરની નામદાર સર જમશેદજીની દરેમેહેરને લગતો ઇસારો કરયોછે, અને તેનાજ ઉપર, હું જોઊછું કે, આ૰ નવરોજી રબાડીના ભગરયા દોસ્તોએ કાંઇક વધુ વજન મેલવાની કોશેશ કરી છે. ખોલી રીતે હીંમતથી તે દરેમેહેરને માટે પોતાના વડપણનો કે હકનો દાવો રજુ કરવામાં આવયો નથી, તોપણ તાલ તલાવટથી તેવો કાંઇ ખયાલ જરથોશતી સાહેબોના મનમાં બેસાડવાની યુકતી કરેલી હું જોઊંછું. તે તાલતલાવટ અને યુકતી અને જેબી હોય તે, કેવાં આધાર વગરના અને તમામ પોકલ છે, તેનો સંપુરણ ખોલાસો, મલેસરની અનજુમને ભગરયા અકાબરોને પોતાને તયાંથી દુર કરવાનો ઠરાવ અઢાર વરસ ઉપર કરેલો મેં ઉપર ફકરા ૨૦ માં જણાવયો છે તેથી થઈ જાયછે; તો પણ નામદાર પેહેલા બારોનેટ સાહેબ સર જમશેદજી, મીનોચેહેર હોમજીના સાથનેજ પોતાના મોબેદો ગણુતા હતા તેની ખાતરી ભરેલી શાહદત

આપવાનો સંતોષ આ જગોએ લેવા વીના મારાથી રેહેવાતું નથી. મલેસર મધેની પોતાની દરેમેહેર મીનોચેહેર હોમજીના મલતયા સાથને તે નામદાર સાહેબે સોંપી હતી તેની જીવતી શાહદત, હાલ તે સાથનાજ મોબેદો રાત દીન તેનો તમામ વાપરવેસ કરેછે તથા આદરાન સાહેબની બોયે દેવાનું કાંમ બજાવેછે, તે ઉપરથી રોશન આફતાબની મીશાલે મલી આવેછે; તો પણ જે વખતે તે દરેમેહેર તઇયાર કરવાનું કામ ચાલયું તે વખતે મીનોચેહેર હોમજીના મલતયા સાથના બુઝરગ મોબેદ સાહેબ બરજોરજી બેરામજી કકરયા ઉપર મરહુમ પેહલા બારોનેટ સાહેબે પોતાના મુબારક હાથે જે કાગજ લખયો હતો તે હેઠલ સદાબરો આપીને, કુલે જરથોશતી સાહેબોને તે ઉપરથી પોતાની વધુ ખાતર તસલી કરી લેવાની નમનતાઈ સાથ અરજ કરૂં છું:—

"સવસતી શ્રી નવસારી કસબે માહશુભ સ્થાને પુંજારાધે શ્રી ૫ નેકનામ દસતુરજી બરજોરજી બેહેરામજી કકલીઆ જોગ. શ્રી મુંબઈ બંદરેથી લા૦ સેવક જમશેદજી જીજીભાઈનો દુવા સલાંમ વાંચજો. જત મલેસર ફળીઆ મધે અમારી બંધાવેલી દરેમેહેર મધે તમે જાતે જશનની કીરયા કામ કરજો. તમો લખોચ કે અમો જશન માંડશું તો ભગરવાળા દસતુરજીની અનજુમન નહીં આવશે તો તેની કશી ફીકર નહીં. અમોએ તો બધું તમોને સોંફેલું છે. તેથી તમારી ખુશી પડેતો દસતુરજી પાસે મંડાવજો. તે જો તમોને ખરાબ લાગે તેમ ના કરતા. એ લોકો સાથે મને કાંઈ લાગતું વળગતું નથી. પણ મલેસરવાળાઓની અમારી ઉપર અરજી આવીઆથી અમો ઘણા નાખુશ થઈને હીંધોળા જી કાહાડી આપીઆ છે. તથા ટેમુલજી હોજદારે ઘણાજ કાલવાલા કીધા કે અમુને તથા દસ્તુરજીને ઘણું ખરાબ લાગેચ તેથી તે ઈજીવો તો ઘણું સારૂં. ફકત હીંધોળા જી ઈજીને જશે. બાકીની બધી કીરીઆ તમો કરજો ને મોબેદોનાં નાહાન આપવાનું કાગળની ટીપ મોબેદ ટેમુલજી હોજદાર કને મોકલાવીચ તે તમુને પોતી હશે. અને તમો કહો તેમ ટેમુલજી હોજદાર ચાલશે."

૨૪. મલેસરની મધેની નામદાર સર જમશેદજીની દરેમેહેરને લગતી બાબદમાં ભગરયા સાથને અને તેના વડા દસ્તુરજીને કેવી જાતની નીસબત

છે અથવા નીસબત રહેવી જોઇયે, તેમાટે આના કરતાં વધારે સતાદાર ખોલાસો અથવા પુરાવો, હું નથી ધારતો કે, મારા હમદીન ભાઇઓને જોઇતો હોય. અને અઢાર વરસ ઉપર મલેસરના બેહેદીન સાહેબોએ ભગર સાથના અકાબરો સામે લીધેલા સખત ઉપાયની હકીકત નામદાર પેહેલા બારોનેટ સાહેબના આ મુબારક કાગળની પાસે મેલીને જોતાં તો, તેઓના વડપણ અથવા હક વગેરે સરવેનો પુરતો ખાતરી ભરયો ફડચો થઈ જાયછે. નામદાર પેહેલા બારોનેટ સાાહેબે જ્યારે સાફ લખયું છે કે, ભગરયા અનજુમન અને તેના અકાબરો "સાથે મને કાંઈ લાગતું વલગતું નથી," તયારે તયાં તમામ બાબદનો છેડો આવી રેહેછે. તોપણ નામદાર પેહેલા બારોનેટ સાહેબે તે વખતના પારસી પંચાયતના મરહુમ સેકરેટરી શેઠ પેશતનજી માણેકજી પાસે ઘણાંક કાગજો મરહુમ મોબેદ સાહેબ બરજોરજી ઉપર લખાવયાં હતાં તેમાંનાં બે કાગજો મધેના થોડાંક વાકયો હું હેઠલ આપું છું, જેથી આ૦ નવરોજી રબાડીના ભગરયા દોસ્તોની પુરેપુરી ખાતર જમા થઈ જશે:—

> "બીજું—એ નવી દરેમેહેર ભગરના મોબેદો પાસે ઇજિવાનાં કારણસર દસ્તુરજી સાહેબ કેકોબાદજી રૂસ્તમજી તથા દેશાઇજી સાહેબ ખોરશેદજી રૂસ્તમજીએ મોટા મુરબીજી [પેહેલા બારોનેટ સાહેબ] ઉપર કાગજો લખેઆં હતાં તેહેના જવાબમાં મુરબીજીએ સાફ લખી વાલીઉંચ કે એ દરેમેહેર મીનોચેહેર હોમજીવાલા ઇજિશે."
>
> "દેશાઇજી સાહેબ ખોરશેદજી વીશે તમો લખોચ કે તેવણ કેહવા લાગા કે એ [મલેસરની નવી] દરેમેહેર ઇજિવાનો હક તો દસ્તુરજી તથા ભગરવાલા મોબેદોનો છે, પણ એ બાબદમાં મોટા મુરબીજી [પેહેલા બારોનેટ] સાહેબે દસ્તુરજી સાહેબ તથા દેશાઇજી સાહેબ ઉપર રોજ ૨૩ મો ને માહ ૫ માને દને કાગજો લખેઆં છે તે વાંચેઆથી દેશાઇજી સાહેબને સરવે ખોલાસો માલમ પડીઓ હશે. તે ઉપરાંત મોટા ફરીઆ મધેની મીનોચેહેર હોમજીવાલી દરેમેહેર [ખુદ મીનોચેહેર હોમજીના મોબેદોએજ] ઇજિવાનો જે દાખલો તમોએ દેશાઇજી સાહેબ ખોરશેદજીને આપેઓ છે તે ઘણો મજબુત છે."

૨૫. મલેસર મધેની નામદાર સર જમશેદજીની દરેમેહેર સાથ ભગરયા સાથને કેવી જાતની અને કેટલી નીસબત છે તેનો ખુલાસો આ ઉપરથી બરોબર થઈ જશે, એટલે હું એના ઉપર મારા તરફથી સરેહ કરીને વધુ જગો રોકવા માગતો નથી. અને આગલ ચાલતાં હું જણાવવા માગું છું કે, તે દરેમેહેરનું જશન મંડાયું તયારે નામદાર બીજા બારોનેટ તે તે વખતના શેઠ ખરશેદજી અને તેમના ભાઈ સાહેબ શેઠ રૂસતમજીએ મીજલસ વચે બાપોકાર જશન માંડવાને મીનોચેહેર હોમજીના મોબેદ સાહેબ બરજોરજી બેહરામજી કકરયાને ફરમાશ કીધી હતી, પણ તેઓએ પોતાની ખુશીથી, મીત્રાચારીના કારણુસર અને એક ગામમાં રેહેવાનું હોવાથી મીનાકેસાનું મોહ કાળું કરવા અથવા સેહેતાન દાબો કરવા દસ્તુરજી સાહેબ કેકોબાદજીને તે માંડવાને ફરમાશ કરી હતી. ઉપર ફકરા ૨૨ માં કેટલોક ખુલાસો હું સાધારણ રીતે કરી ગયલો હોવાથી આ બાબદના ભેદ ઉપર આ જગોએ હું વધારે બોલવાની જરૂર જોતો નથી.

૨૬. એજ મુજબ, મોટા ફલીઆ મધેની મીનોચેહેર હોમજીની વડી દરેમેહેરનો દાખલો લઇને પણ ખોલાસો કરી શકાશે. ઇસવી ૧૮૬૨ (સંવત ૧૯૧૮) માં રોજ ૧૯ મો માહ ૮ માં ને દને, તે જુની દરેમહેરનું તમામ સમાર કામ પુરૂં થયા પછી, તેનાં જશનની કીયા મરહુમ મોબેદ સાહેબ બરજોરજી બમનજી મીનોચેહેર હોમજીના હુકમથી તેમના ભાણેજ મોબેદ સાહેબ ફરામજી ખરશેદજી મીનોચેહેર હોમજીનાએ કરી હતી અને તેપછી મોબેદ સાહેબ બરજોરજીને દાદીશેઠના મરહુમ શેઠો અરદેશર ખરશેદજી અને ભાઇઓની તરફથી શાલ આપવા જોડે દેસાઇજી સાહેબ બરજોરજી નવરોજી તથા ગારડાજી શેઠ જામાશપજી રૂસતમજીને શાલો આપવામાં આવી હતી. તેઓ સાહેબો મરહુમ મોબેદ બરજોરજી મીનોચેહેર હોમજીના અંગત દોસ્તો હતા, અને મરહુમ મોબેદ સાહેબની ખાહેસ અને ભલામણથી મીનોચેહેર હોમજીની દરેમેહેરનું સમારકામ તેમને હસતક દાદી શેઠવાળા સાહેબોએ કરાવયું હતું, જેની કદરસનાશીમાં તે મરહુમોને મોબેદ સાહેબ બરજોજીની ભલામણથી શાલો આપવામાં આવી હતી. હવે ભગર સાથના દસ્તુરજી સાહેબ કેકોબાદજી રૂસતમજી પણ મરહુમ મોબેદ બરજોરજી મીનોચેહેર હોમજીનાં અંગત દોસ્ત થતા હતા, અને મરહુમ મોબેદ સાહેબ મરહુમ દસ્તુરજી સાહેબ માટે માન અને મોહબત ધરાવતા હતા, તેથી તેઓ સાહેબને

જશનમાં સામેલ થવાને આંહોસથી ઇન્જન કીધું હતું. પણ જશન મંડાયા પછી દસ્તુરજી સાહેબ પધારયાથી દરેમેહેરની બાહેરજ બીરાજ્યા હતા; અને જ્યારે મરહુમ મોબેદ સાહેબ બરજોરજી મીનોચેહેર હોમજીએ પોતાના દોસ્તને તે રીતે આવીને બીરાજેલા જોયા તયારે હરખમાં આવીને પોતાની શાળ પોતાને હાથે પોતાના દોસ્ત દસ્તુરજી સાહેબને અરપણ કરી દીધી હતી. ખરી હકીકત આ મુજબની છે, અને તે બીના તે બંને મરહુમો વચેની મોહોબત, ખેરખાહી અને દોસ્તીની પાક શાહદત આપેછે. તેને જુદાં રૂપમાં મેલવાની તજવીજ કરવી તે તે મરહુમ સાહેબોનાં અશોરૂહને નાખુશ કરવાનો અજીમ ગુનાહ કરવા બરોબર થાયછે, જેની સમજ રાખવાને હું લાગે વળગે તેવા સરવેને મજબુત ભલામણ કરૂંછું. આ બીનાના ટેકામાં દસ્તાવેજી શાહદત, દાદીશેઠવાળા સાહેબોએ શાળ મરહુમ બરજોરજી મીનોચેહેર હોમજીને આપી હતી તેની મારી પાસે છે તે આ જગોએ સેજ જણાઊંછું. ઊપરાંત મરહુમ દાદી શેઠનાં કુટુંબમાં પોતાનો આખો જનમારો ગુજારીને મરહુમ મોબેદ સાહેબ કેટલા હેતવંતા અને માનવંતા થઇ પડ્યા હતા, તે મુંબઇમાં સારીપેઠે રોશન હતું અને છે, અને આજ પણ તે નામીચાં કદીમ કુટુંબના તમામ ગ્રહશયો અને બાનુઓએ તેમનાં બચાંઓ તરફ તેજ જાતની માયા મેહેરબાની કાયમ રાખી છે તે તેની જીવતી શાહદત છે. તેવા મરહુમ મોબેદ સાહેબને શાલ આપવામાં આવે, કે તેમને છોડીને જેમની સાથે લાગે વળગે નહીં તેમને તેમના તરફથી આપવામાં આવે? વળી યાદ રાખવાનું છે કે દાદીશેઠના સાહેબજાદાઓ કદીમી ટોલાના વડા અકાબરો ગણાયછે, અને કદીમી વડા દસ્તુરજીને તેઓ કદીમી અનજુમનને સાથે લઇને સ્થાપેછે, એટલે સમજી લેવું મુશકેલ નથી કે ભગરયા સાથના શેહેનશાહી દસ્તુરજી સાહેબ સાથ નીસબત તેમને કસી નહીં હોવી જોઇયે.

૨૭. નવસારી મધેના દસ્તુરજી સાહેબને લગતી બીનાનો આ મુજબ ખોલાસો કરયા પછી, મુંબઈ મધેના દસ્તુર સાહેબ જામાસપજી મીનોચેહેરજી જામાસપ આસાનાને લગતો ખોલાસો, તારદેવની દરેમેહેરના સંબંધમાં કરવાની મને જે ફરજ પાડવામાં આવી છે તે અદા કરવા ઉપર હવે હું આઊંછું. નવસારીના વડા દસ્તુરજી સાહેબ અને દસ્તુર સાહેબ જામાસપજી વચે ઘણો મોટો ફેર છે. દસ્તુર સાહેબ જામાસપજી નવસારીના દસ્તુરજી સાહેબના તાબેદાર છે. દસ્તુર સાહેબ જામાસપજીના છોકરાઓને, જો ચાહેતો,

નવસારીના વડા દસ્તુરજી સાહેબ નાવર કરવાની રજા નહીં આપે; અને નહીં આપે તો તેમનો કશો ઉપાય રેહે નહીં. તેમજ તેમને કામકાજમાં મદદ કરતા ભગરયા મોબેદોને વડા દસતુરજી સાહેબ અટકાવે તો દસતુર સાહેબ જામાસપજી નાચાર થઈ પડે. તેવીજ લગભગ નાચાર તેઓની હાલત, તેમના મુરબીજી મરહુમ દસતુર સાહેબ મીનોચેહેરજીના બેહેશત નશીન થયા પછી થવા લાગી હતી. તેનો સબબ, તાઓઅહમી નમાને, આદા કહીયાચીદ પએતી, તાઓ-સચાઈ યજમએદે, વગેરે આપણા પાક મજહબને લગતી બાબદમાં, પાક અવસતાનાં ફરમાનોને અનુસરીને તથા પોતાના મરહુમ નીયાગાનોએ કરેલા અમલ મુજબ તેઓએ ચાલવા માંડયાથી, ઉભો થયો હતો. ભગરયા સાથના તેઓ એક અથોરનાન પડયા, જેથી તે સાથના આગેવાન દસતુર તથા મોબેદ સાહેબોએ તેમને તે વખતે પોતાનાથી ઘણી બાબદમાં દુર રાખયાથી તેમની હાલત ખરેજ દયા કરવા જોગ થઈ પડી હતી. નામદાર પેહેલા બારોનેટ સાહેબના સાહેબ જાદાઓ દસતુર સાહેબ પેશોતનજીને તે હીગામ ઉપર માનતા અને માન આપતા, અને દસતુર સાહેબ જામાસપજીને દરેક રીતે દુર રાખતા. મરહુમ સર કાવસજી જાંહાંગીર પણ દસતુર સાહેબ પે-શોતનજીનેજ માન આપતા, અને દસતુર સાહેબ જામાસપજીને દુર રાખતા. એવી એવી રીતે થઈ પડેલી તેમની દયામણી હાલતમાં મીનોચેહેર હોમજીના મલતયા સાથના તથા કદીમી ટોળાના અને ગોદાવરા પંથકના મોબેદ સા-હેબો તેમની ઉપર મોહોબત કરતા. તેમાં મીનોચેહેર હોમજીના મોબેદ સા-હેબોએ તો પોતાનાજ હોય એમ તેમની સાથ ભાઈચારો કરીને તેમને માન આપી તેમને ખુશી રાખવા માંડયાથી, કેટલાક અણસમજ ભગરયા મોબેદો દસતુર સાહેબ જામાસપજીને "કારા કાફરા" નો હલકો અને ખરાબ સખુન ગુસાના મારયા લાગુ પાડતા. પણ દસતુર સાહેબ જામાસપજીને આ મુજબ ચાહાવા જતાં તથા તેમની તકવીઅત કરતાં, જ્યારે ભગરયા સાથના સા-હેબો મીનોચેહેર હોમજીના મોબેદોને બીજી રીતે કાંઈ કરી શકયા નહીં ત-યારે, મેં ઉપર જણાવયું છે તે મુજબ, નવસારી મધેની મલેસર ફલીયાની નામદાર સર જમશેદજીની દરેમેહેરની મારફતે કાંઇક પઝવવાની તજવીજ કરવા ઉપર ચાલી ગયા હતા. નામદાર શેઠ રૂસતમજી જમશેદજી જીજી-ભાઇનું તે વખતે પુર ચાલતું હતું, અને મલેસરની પોતાના હસતકની દરે-મેહેરમાં કામ કરતા મીનોચેહેર હોમજીના મોબેદોને તેઓ સાહેબે, ભગર સાથના મુંબઈ મધેના આગેવાન દસતુર સાહેબ પેશોતનજીની ફરમાસથી,

આદાકરદીયા ચીદ ૫દ નવસારી મધેના ભગરયા સાથના વડા દસતુરજીની મરજી મુજબ ત્રણવાર ૫દવાની, માતાજી સાહેબ આવાંબાઈની ખાહેસ પણ સાથે જણાવીને, મોહોબતની રાહે એલતેમાસ કરી હતી. તે ઉપરથી મીનોચેહેર હોમજીના નવસારી મધેના મોબેદો અને મરહુમ શેઠ રૂસતમજી વચે કેટલોક પત્ર વેહેવાર થયો હતો; અને તેમાં એક કાગજ નવસારીના મીનોચેહેર હોમજીના તમામ મોબેદોની સહી સાથનો તેમના ઉપર ગયો હતો, તેમાહેથી જે બે ફકરા ઉપર ૮ માં ફકરામાં આ૦ નવરોજી રબાડીના તથા તેમના સાથી આ૦ હોરમજીના એતેકાદ અને મતની શાહદત આપવાને મેં ઉતારયા છે, તે મારા હમદીન સાહેબોએ વાંચીને પોતાની ખાતરી કરી લીધી હશે. પણ હું ટુકમાં જણાવશ કે મલેસરની દરેમેહેરમાં કામ કરતા મીનોચેહેર હોમજીના કેટલાક મોબેદોને તે પીડા દસતુર સાહેબ જામાસપજીને લીધે ખમવી પડી હતી, અને તેમાં મરહુમ શેઠ રૂસતમજીએ મોહોબતથી કામ લીધું હતું તે વીશે જરૂર પડતાં ખાતરી કરવાને તે બાબદને લગતા દસતાવેજો મારી પાસે છે તે ઉપરથી હું તઇયાર રેહેવશ. પણ તેમાં ભગર સાથના વડા દસતુરજી સાહેબના વડપણ કે બીજી બાબદને કશી નીસબત નથી, તે ૮ મા ફકરામાં ઉતારેલાં વાકયો ઉપરથી પણ ખોલું જોવામાં આવયું હશે.

૨૮. પણ દસતુર સાહેબ જામાસપજી જામાસપ આસાનાની બીના એટલામાંજ પુરી થતી નથી. તારદેવની દરેમેહેર મધે આદરાનની ક્રીયા તેઓએ કરાવી હતી, એમ આ૦ નવરોજી રબાડીના ભગરયા દોસતો કેહેછે. હું ઘણી ઓજરખાહી અને ખાકસારી સાથે કહું છું કે મીનોચેહેર હોમજીના મોબેદોમાં કોઈ કોઈ ચુનંદા મોબેદો એવા છે, કે હજુ પણ દસતુર સાહેબ જામાસપજીને ક્રીયાની બાબદમાં કેટલીક સમજ પાડે. દસતુર સાહેબ જામાસપજીની માઠી થઇ પડેલી હાલતને લીધે મીનોચેહેર હોમજીના મોબેદો તેમની જે તકવીઅત કરતા તેજ સબબથી આદરાનની ક્રીયા વખતે બીજા અથોરનાન ભેગા મીજલસમાં બીરાજવાને તેમને પણ નોતરવામાં આવતા હતા, અને દસતુરનાં ફરજંદ હોવાથી, તેમજ તારદેવની દરમેહેરના વડા અધીકારી મીનોચેહેર હોમજીના મરહુમ મોબેદ સાહેબ પાલનજી રતનજી દાદાચાંદજી તેમના બપાવા અને બાવાના અતલગના દોસત અને તે ઉપરાંત તેમના જોડે બીજો ઘણો ઘાડોસંબંધ ધરાવતા હોવાથી, તેમના ઉપર પોતાના એક ફરજંદની માફક મોહોબત રાખતા, તથા તેમનું સારૂં થાય અને તેમને સારૂં લાગે

તેમ કરવા અને જોવાને ઘણા ખાહેસમંદ હતા, તેથી તેમને પોતાની આ-ગળ રાખીને તારદેવના આદરાનની ક્રીયા કરાવતા એટલુંજ. બાકી દરેમેહેરના જશનની જે સરવેથી માનભરી ક્રીયા, તે મરહુમ મોબેદસાહેબ પાલનજીએ પોતે માંડવા સાથ કરી હતી, અને દસતુર સાહેબ જામાસપજીને તે વખતે પોતાની બાજુએ બેસાડયા હતા; તેજ પ્રમાણે એક દાખલા તરીકે આ જ-ગોએ હું જણાઉંછું કે નામવર પેહેલા બારોનેટ સાહેબ સર જમશેદજીએ સુરત મધે અલાહી બાગને નામે આદરાન જોડે જે નામીચું પાક મકાન ત્યાં-ના જરથોશતીઓ માટે બાંધી આપયું હતું, તેના જશનની ક્રીયા માંડવા સાથ મીનોચેહેર હોમજીના મરહુમ મોબેદ સાહેબ અસપંદયારજી ફરામજી રબાડીનાએ રોજ ૧૭ માહા ૨ યઝદઝરદી ૧૨૨૪ (સને ૧૮૫૪ ઇસવી.) માં કરી તે વેલા, તમામ ભગરયા મોબેદોના વડા નવસારીવાલા મરહુમ દ-સતુરજી સાહેબ કેકોબાદજી રૂસતમજી મેહેરજી રાણા તેવણુની બાજુએ બી-રાજ્યા હતા; અને મીનોચેહેર હોમજીના એક મોબેદ સાહેબે માંડેલા જશ-નની ક્રીયામાં તેવી રીતે પોતાની સામેલગીરી આપીને મીનોચેહેર હોમ-જીના મલતયા સાથનું સવતંત્રપણુ તથા એલાહેદા હક સાફ મને કબુલ કરી દેખાડયા હતા. (વલી જુઓ ફકરો ૨૬ મો) પણુ તેથી મીનોચેહેર હોમ-જીના મલતયા સાથના મોબેદો એમ કેહેવા નહીં માગશે કે દસતુર સાહેબ જામાસપજી તથા દસતુરજી સાહેબ કેકોબાદજી હમારી અનજુમનના તાબે-દાર હતા, માટે તેમને જશનની વખતે બાજુએ બેસાડવાની વાતને હમો એક દાખલા તરીકે રજુ કરચે છીયે. દોસતી, મોહોબત, સભયતા, વેહે-વાર ઇતયાદી બાબદમાં એવું બને તે હક અને ઇલાકા સાથ તાલુકો મુદલ ધરાવતું નથી; તેવીશે મેં ઉપર જણાવેલી જુદી જુદી હકીકત અને ખોલા-સાઓથી મારા હમદીન સાહેબોની ખાતરજમા થઈ હશે.

૨૯. હવે તે પછી થયું તે જોવો. દસતુર સાહેબ જામાસપજીને પો-તાના ભગરયા મુરબીઓ અને અકાબરોને શરણ થયા વીના ચાલયું નહીં. તેઓએ કદીમીનીદરેમેહેરમાં જરથોશતી મજહબના બરહક ફરમાનની રૂયે અને પોતાના બાપદાદા અમલ કરતા આવયા તેમુજબ ક્રીયાઓ કરાવી હતી; તે પછી કામા બાગની છુટી દરેમેહેર સ્થાપણુ કરાવીને તેમાં ભગરયા સા-થથી જુદાઈ પકડીને પોતાના એતેકાદ મુજબની ક્રીયાજ નહીં પણુ તે ક્રીયા મુજબ છુટો આલાટ વટીક કીધો હતો. પણુ પાછલથી જરથોશતી

મજહબનાં બરહક ફરમાનોને અનુસરતી ક્રીયા વગેરે સરવે તેમને છોડી દેવું પડયું છે. તેમના બાપ દાદાઓએ બે સદી સુધી ચલાવેલી ધરમને આધારની તકરાર અને અમલ તેઓએ પોતાની તરફથી થોડાં વરસ ચલાવીને ભગરયા સાથના જોર આગલ છોડી દીધા છે, અને તેમને રાજી કરવાને તેમને મલતા થઇને તેમને પસંદ પડતી ક્રીયા હાલ તેઓ કરેછે અને કરાવેછે. અલબતે તે તેમનું કામ છે, અને તે બાબદમાં તેઓ અને તેમનાં યજમાનો વચે ફડચો કરી લેવાનો છે; પણ શુક્ર પાક યજદાંના કે મીનોચેહેર હોમજીની દરેમેહેરના મોબેદોને ભગર સાથ તેવી કોઈ ફરજ પાડી શકયો નથી. તેઓ અસલ માફક જે રીતે કરવી જોઇએ તે રીતે અને પોતાના એતેકાદને મલતી ક્રીયા કરી શકે છે; અને તેનો સબબજ એ કે તેઓ સ્વતંત્ર છે, તેમની દરેમેહેર જુદી છે, તેમના હક એલાહેદા છે, અને તેમના ઉપર ભગર સાથના અકાબરોને કશું લાગતું વલગતું નથી.

૩૦. એક વાત વધારે જણાવીને હું મુદાની અને સરવેથી પેહેલી જરૂરની બાબદ ઉપર બોલવા લાગીશ. દસ્તુર સાહેબ જામાસપજીવાળી કામા બાગની દરેમેહેરમાં મીનોચેહેર હોમજીના મોબેદો માટે અલાહેદા હીંધોળા કહાડ્યા છે, અને તયાં હમારા મોબેદો આજ સુધી પવીત્ર ક્રીયા કરતા આવયા છે. તેથી શું હમો હમારા "હકની હદ" ને નામે તેના ઉપર મોટાઇનો, વડપણનો કે બીજો ન ધારેલો દાવો કરવા બેસી શું? હીંધોળા કાહાડવાની બીના જેમ ભાઈ ચારામાંથી તેમ અગવડ સગવડ જાળવવાની મકસદમાંથી જનમ પામી છે. આ૦ નવરોજી રબાડી પાસે તેમના ભગરયા દોસ્તોએ મીનોચેહેર હોમજીના હસતકની દરેમેહેરમાં ભગરયાને લગતા હીંધોળા રાખવાની બાબદમાં ધામધુમ કરવાની જે યુકતી કરી છે, તે ઉપરથી આ એક દાખલો માત્ર આ જગોએ આપયો છે. યાદ રાખવું કે એક કે બીજાં પંથકને લગતી દરેમેહેરમાં એક કે બીજા પંથકના મોબેદોને હીંધોળા કહાડી આપવા અથવા વાપરવા દેવા, એ સાધારણ રીતે મોહોબત, દોસ્તી તેમ અગવડ સગવડ સાથ નીસબત ધરાવતી બીના છે. પણ આ કરતાં વધારે ખાતરી બીજા દાખલાઓથી થશે. મીનોચેહેર હોમજીના મોબેદો, પોતાના ભલા કદીમી ભાઇબંધોની દરેમેહેર તેમજ આતશબેહેરામ સાહેબના મકાનમાં પાવ મેહેલનું કામ તેમના હીંધોળા ઉપર કરી આવેછે. તેજ મુજબ પોતાના નેક ભાઇબંધો ગોદાવરા, ઉદવારયા, વલસાડા, સુરતયા

વગેરે પંથકના મોબેદો સાથ પણ તેવાજ એખલાશથી ચાલે છે, પણ તેથી મીનોચેહેર હોમજીના મોબેદો એમ કેહેવાની શોખાઈ કરશે નહીં કે હમો તેમના વડા અને ઉપર વારયા છીયે, અથવા નથી તે ભાઇબંધ પંથકના મોબેદ સાહેબો એમ કેહેતા કે મીનોચેહેર હોમજીના મલતયા સાથના હમો કોઈ રીતે વડા કે ઉપર વારયા છીયે. ભાઇબંધી, મોહબત, દોસતી, એખલાશ, સભયતા અને જે ભલા ગુણનું તેને પરીણામ કહો તે ભલા ગુણોનું તે પરીણામ છે; અને મને જણવવાને અતીઅંત આનંદ લાગે છે કે, તે ભલા ગુણો તે સરવે પંથકના મોબેદ સાહેબો અને મીનોચેહેર હોમજીના મોબેદ સાહેબો વચે આજની ઘડી સુધી કદીમ ઉલ અઇઆમથી હસતી ધરાવતા આવયા છે, અને આજ હસતી ધરાવે છે; અને તે પાક બાહારે તાળાની કરમ બક્ષેસથી હમેશાં હંમેશ હસતી ધરાવો એવી મારા ટોળાની દુવા છે તે આમીન આમીન થાવો !

૩૧. હમારા ભગરયા ભાઈબંધો તે મુજબ હમારી સાથે વેહેવાર રાખશે તો હમારો દોસતીનો હાથ હરગેજ થઇને હમો પાછો ખેંચી લઇશું નહીં; પણ હમારા તે ભાઇબંધો મગરૂરીમાં રહીને અથવા ગુસાને આધીન થઇને હમારો દોસતીનો હાથ પાછો વાલશે તો, હમો બહુ દલગીરી સાથે તેને પાછો ખેંચી લઈ, હમારા પાક પરવર દેગાર ઉપર હમારો કુલે ભરૂસો મેલી, તે સાહેબની મેહેરબાની માગતા હમારૂં કામ નમનતાઈ સાથ આગળ ચલાવયા જઇશું.

૩૨. એ સખુન હવે હું એડનના તથા ભગુરનાં દોખમા માટે બોલીશ. એડનનું દોખમું બેશક મીનોચેહેર હોમજીના મોબેદોએજ ઇજિયું છે. ઇસિવી ૧૮૬૬ (સંવત ૧૯૨૨) માં તે ઇજવાની ક્રીયા મોબેદ સાહેબો કાવસજી હોરમજી દાદાચાંદજી તથા સોરાબજી કેરશાસપજી દાદાચાંદજી એઓએ કીધી હતી, અને તાનાની ક્રીયા મોબેદ સાહેબ કાવસજી હોરમજી દાદાચાંદજીએ તથા એરચજી કાવસજી ગાંરાએ કીધી હતી. દોખમું એટલું મોટું છે કે તેની ૧૫૨ તો પાવી છે, અને તાનાની વખતે તેમાં રૂ० ६०० ની પડત થઈ હતી. સગડી ઉપર તાનાની ક્રીયા કરનાર મોબેદ સાહેબોનાં નામ લખેલાં છે. હવે એ દોખમું કયાં પંથકની હદમાં આવયું છે તે હું પણ નથી જાણતો; પણ દસતુર સાહેબ જામાસપજી જામાસપ આસાનાએ નવસારી મધેની વાહડયાજીની દરેમેહેરના સંબંધમાં વાદીઓ તરફથી સાક્ષી આપતાં તે દોખમું

ભગરની હદમાં આવેલું જણાવયું છે. બીજું, ભગુરનું દોખમું પણ યજદ-ઝરદી ૧૨૩૯ (સંવત ૧૯૨૫ ઇસવી ૧૮૬૯) માં મીનોચેહેર હોમજીના મોબેદોએજ બેશક ઇજિયું હતું, અને તે ઇજી આવયા પછી મીનોચેહેર હોમજીના મોબેદોને નવસારી મધેના તે વખતના દસતુરજી તે ઇજવા બાબે કાંઇકિ ધમકી આપવા ગયા તે વખતે તેમને રોકડો એવો જવાબ આપવામાં આવયો હતો કે જેથી તેઓ ચુપ થઇનેજ બેઠા હતા. હવે આ૦ નવરોજી રબાડીના ભગરયા દોસ્તો તે વીશે દસતુરજીને તયાં થયલી કાંઈ નોંધો જોવાની હમોને એલતેમાશ કરેછે; પણ દસતુરજી પોતાને તયાં મોતીના ચોક પુરે તેની સાથ બીજાઓને શું લાગે વલગે? એમ તો કોઈ સાદે દીલ ભાઈ એમ પણ કેહેવા નીકલે કે દીલીના મોગલ દસતુરજીને પગે લાગવા આવયા હતા. એવી દસતુરજીને તયાં નોંધ છે તે જોઇ જવી, તો તે વખતે તે જણાવનારની સમજ માટે શું વીચાર કરવામાં આવશે? એવી બેહુદી વાત ઉપર જેમને આધાર લેવો પડે, તેમની વાતના પાયા કેટલા નબળા હશે તે આપોઆપ જણાઈ આવેછે. વળી એવીજ હસવા સરખી એક બીજી વાત એવી જણાવવામાં આવેછે કે, નવસારી મધેની વાહાડયાજીની દરેમેહેરનાં જશનમાં જવાને મોબેદ સાહેબ રૂસતમજી મનચેરજી કકરયાએ દસતુરજી સાહેબ દારાબજીની રજા માંગી હતી! પણ ખરી વાત એવી છે કે, દસતુરજીએ મોબેદ સાહેબ રૂસતમજીને તેડીને કાલાવાલા કીધા હતા કે જશનમાં ના જાવો; પણ જયા વગર નહીં ચાલશે એમ જણાવી તેઓ જશનમાં ગયા હતા. હવે હું પુછું છું કે દસતુરજી જે દરેમેહેર બંધજ કરાવા બેઠેલા, તે દરેમેહેરમાં એકબી મોબેદને જવાને રજા શા માટે આપે? તેઓએ ભગર સાથના કોઇ એક પણ મોબેદને તયાં જશનમાં જવાની રજા આપી હતી? કાંઇજ નહીં. વલી હું પુછું છું કે, દસતુરજી રજા નહીં આપતે, અને મોબેદ સાહેબ રૂસતમજી તેમની મરજીની વીરૂધ થઇને જતે, તો દસતુરજી તેમને કોઇપણ પ્રકારની સજા કરવાની સતા અથવા હક ધરાવે છે? મોબેદ સાહેબ રૂસતમજીના સાથ જેમને દોસતી સીવાય બીજી રીતે કશું લાગે વલગે નહીં, અને જેમને પોતાના ભગર સાથના મોબેદોની માફક કસીબી વાતમાં અડચણ કે અગવડ કરવાને સતા નહીં, હક નહીં, કસું નહીં, તેમની રજા શામાટે માંગવી અથવા લેવી જોઇયે? એવી હસવા સરખી છતાં આ બાબદની ખબર આ જગોએ એટલામાટે મેં લીધી છે કે, ભગર સાથના અકાબરના હક અને સતામાટે કેવાં કેવાં વલખાં મારવાં પડેછે તે તેના ઉપરથી મારા હ-

મદીન સાહેબોને જોઈ લેવાને બની આવે. મેં જે હકીકત ઉપર લગાર લંબાણથી જણાવી છે, દાખલા દલીલો આપયા છે, સતાઓ ટાંકી છે, તે ઉપરથી તો નવસારીના કે બાહેરના તમામ જરથોશતીઓની ઉપરના એવા અકાબરોનાં વડપણનો ફુકકો ફુટી ગયલો ખોલો જોવામાં આવ્યોજ હશે; પણ એવા એક વધુ દાખલાની નોંધ કરીને તેનાં પોકળ અને ખોટારાંને તેના હસવા જેવાં રૂપમાં ઉઘાડું પાડવાની પણ એક જોગવાઈ મેં લીધી છે. અને એટલું કરયા પછી, આ૦ નવરોજી રબાડીની મારફતે તેમના ભગરયા દોસતોએ આપેલી ઘણે દરજજે હસવા સરખીજ ટીપની વધારે ખબર લેવાની હાલ હું જરૂર જોતો નથી. તેને માટેની સમજ, ઉપર જણાવેલી બીના ઉપરથી મારા હમદીન ભાઇઓને સારી રીતે પડી ગઈ હશે, અને વધુ અને પકી સમજ આગળ હું ખોલાસો કરૂં છું તે ઉપરથી પડી જશે.

૩૩. એક તકરાર, જે આ૦ નવરોજી રબાડીને નામે બાહેર મેલવામાં આવેલી તમામ તકરાર અને બાબદોમાં પેહેલી અગત ધરાવે છે, તે "ભગર પંથની હદ" ને લગતી છે; અને કોઇબી બાબદ જો વધારે ગુચવાડા ભરી હોય તો તે "ભગર પંથની હદ" નીજ છે. અને તે હદ એવી જણાવવામાં આવેછે, કે જે હદની અંદર જરથોશતી ટોલાના તમામ બેહેદીન અને મોબેદોમાંથી કોઇપણ ધણી ધરમને લગતું કામ પોતાની મરજીથી એટલે ભગરયા સાથના અકાબરોની રજા વગર કરી શકે નહીં. તયારે "ભગર પંથની હદ" એવી તે કેવીક હશે કે જ્યાં તેના અકાબરો આવો મોટો હક અને દાવો ધરાવે છે, અને જે જરથોશતી ટોલાના તમામ બેહેદીનો અને મોબેદો મુંગે મોહોડે જોયા કરેછે? જો તે નવસારીના એકાદ મોહોલામાંજ હોત તો તે વાતની આપણે દરકાર કરતે નહીં; પણ તે "હદ" આ૦ નવરોજી રબાડીની મારફતે ખબર આપવા મુજબ બોહોલેપણે અને જ્યાં ગમે તયાં ફેલાયલી છે. તે સુરતમાં અને નવસારીમાં હસતી ધરાવે છે, અને નથી ધરાવતી પણ. નવસારીમાં આતશબેહેરામની બરોબર સામે પાંચ કદમ ઉપર મીનોચેહેર હોમજીની જુની દરેમેહેર છે, અને તયાં ભગરયા અકાબરોને કસું લાગતું વલગતું નથી, તે છતાં તેઓ મલેસર મધેની એક માઇલ દુર સર જમશેદજીવાળી મીનોચેહેર હોમજીની દરેમેહેર ઉપર કાચો પાકો મોટાઇનો દાવો કરવા માગેછે. સુરતમાં રૂસતમપરામાં ભગર સાથના એક દસતુર રહેછે ને પાસે ફ્રરામપરામાં તેઓ પોતાનો જબરદસત

વગ ધરાવેછે, તેટલું છતાં રૂસતમપરા મધેની સર જમશેદજી જીજીભાઇના અલાહીબાગની દરેમેહેરને તેમજ આરીટનનાં આદરાનને પોતાની હદમાંથી જવા દઇને મીનોચેહેર હોમજીના સાથની સ્વતંત્ર હદમાં ભગરયા અકાબર સાહેબો મેલી આપે છે, અને તેમના ઉપર પોતાનાં વડપણનો કશો પણ દાવો મેલવાની હીંમત કરતા નથી. ભગરયા અકાબરો પોતાની હદ તાપી નદી સુધી લઈ જાય છે, અને મીનોચેહેર હોમજીના મોબેદો તથા "તમામ જરથોશતીઓ" ઉપર તેમની "દેખરેખ રાખવાનો" તથા તેમની "નીતીની સંભાલ કરવાનો" દાવો કરે છે, તયારે રૂસતમપરાને તેમાંથી આખું ને આખું બાદ તેઓ કાંય કરતા હશે? તયાં મીનોચેહેર હોમજીના મલતયા સાથ ઉપર અને તેના હસતકની દરેમેહેરો તથા આદરાનો ઉપર તેમનો દાવો કાંય નહીં ચાલતો હશે વારૂ? ઘણીજ ઓચંબાની અને સમજ નહીં પડે એવી એ વાત છે, અને પારસી આલમને થંડે ભેજે તે સમજાવવા અગાઉ આ૦ નવરોજી રબાડીના ભગરયા દોસ્તો તરફથી કાંઇજ વીચાર નથી કરવામાં આવયો એ એક જબરો ભરમ પડેછે.

૩૪. વળી મુંબઇનો દાખલો લેવો. ભગરયા અકાબરો મુંબઇને પોતાની હદમાં લેછે, અને તારદેવ મધેની દરેમેહેર તથા આદરાનમાં તો મીનોચેહેર હોમજીના મોબેદોજ સ્વતંત્રપણે કામ કરેછે ખેતવાડીમાં મરહુમ શેઠ કાવસજી માણેકજી આશબરનરની દરેમેહેરમાં તથા બાહેરકોટ સર જમશેદજી જીજીભાઇના અલાહીબાગમાં મીનોચેહેર હોમજીના મોબેદો સ્વતંત્ર પણે કામ કરેછે; અને તેજ પ્રમાણે મુંબઇના—ભગરના મોબેદને હસતકના પણ—કોઇબી બેહેદીન સાહેબ તેમની પાસે દીન આઇનનું કામ કરાવવાને રાજી હોય તેમનું કામ તેઓ કરેછે. તયારે મુંબઇમધે ભગરયા અકાબરોએ પોતાની "હદ" કયાં બાધી અથવા રાખી છે, તે આ૦ નવરોજી રબાડીના દોસ્તોએ જણાવવું હતું! મુંબઇમાં સરવે પંથકના મોબેદો કોઇપણ બેહેદીનને તયાનું જંદેહરવાનનું તેમજ અનોશેહેરવાનનું કામ કોઇની પણ સતા કે હકની વાતની દરકાર નહીં રાખતાં કરેછે, અને તેમાં ભગરયા સાથની હદનો સવાલ કોઇવાર ઉઠયોજ નથી. ટુકમાં, "ભગરયા પંથકની હદ" એ માત્ર વગર અરથનો બોલ છે, અને તે જયાં જયાં અને જેવી જેવી મૂતલબ કાહાડવી હોય તયાં તયાં અને તેવી તેવી રીતે ગોઠવી દેવા માટે રાખેલો માલમ પડેછે. પ્રોફેસર દાદાભાઈ નવરોજી જેવણ ઉપર આખું હીંદુસતાન હાલ ફુલ ગુંઠેછે, તેવણની આગળ ભગરયા અકા-

બરોએ પોતાની "હદ" ની બાબતમાં પોતાની પાસેના તમામ દસતાવેજો ઇસવી ૧૮૮૩ (સંવત ૧૯૩૯) માં તેમની મુનસફી મેલવવા તથા તેમના મતમાટે રજુ કીધા હતા, તે તમામ દસતાવેજો ખુબ બારીકીથી તપાસીને તેઓએ મત આપયું છે કે,

> "મોબેદોમાં સાધારણ સમજ ચાલતી આવેલી દીસેછે કે આગલ પાંચ પંથકોની વેહેંચણી થયલી છે, પણ તેમની હદો શું તેનો કાંઇ પુરાણો દસતાવેજ મલતો નથી."

૩૫. અને તે પછી તેવણ આગલ ચાલતાં હજી "હદો મુકરર કરવાને ભલામણ" કરેછે, તયારે આ૦ નવરોજી રબાડી તથા તેમના થોડાક ભગરયા સાથીઓ ભગરયા સાથના હકની "હદ" નકી કરીને તે પ્રમાણે હાથો હાથ સતા અને હક લઈ બેસવા પણ માગે છે; પણ તે કેવું તકલીદી ભરેલું છે તે સરવે સાહેબો જોઈ ચુકયા હશે.

૩૬. હવે જ્યારે આ૦ નવરોજી રબાડી તથા તેમના ભગરયા દોસ્તો "હદ" નીજ વાતો કરેછે, અને તેની સાથે મીનોચેહેર હોમજીના મલતયા સાથના જુના વખતના કેટલાક મરહુમ મોબેદ સાહેબોનાં માફી પત્ર આપીને "સવપનામાં ન હોય" એવી ખબર આપવાનો દાવો કરેછે, તયારે મીનોચેહેર હોમજીના સાથની મોતેબર હદ વીશે અને તે હદ વળી કેટલું બધું વજન ધરાવે છે તે બાબે વધુ બોલવાની મને ફરજ પડે છે, અને તેમ કરતાં હું સાબેત કરી આપશ કે **તમામ નવસારી અને આસપાસના કેટલાંક ગામો મીનોચેહેર હોમજીના મલતયા સાથની એકલાની હદમાં છે, અને ભગર સાથના અકાબરો તયાં હાલ જેબી કાંઇ લઇ બેઠા છે તે હમારા મોબેદો અને બેહેદીનોની ઉપર પોતાના વખતમાં જુલમ અને જાસતી ગુજારીને લુટી લીધેલું માત્ર છે.**

૩૭. પેહેલાં આટલી વાત ધયાનમાં રાખવી જોઇયે છે કે મરહુમ મી૦ મીનોચેહેર હોમજી પોતે ભગર સાથના એક મોબેદ હતા; ભગરની વડી દરેમેહેરને નામે જે અગીયારી નવસારીમાં ઓલખાય છે તેમાં નાવર

મરાતેબ થયા હતા, અને તેમાં પાવ મેહેલનાં નાનાં મોટાં કામો તેઓએ કરયાં હતાં. વળી ધયાનમાં રાખવું કે ભગરયા સાથ થોડી સંખયાના મોબેદોથી બનેલો નહીં હતો. સેંકડો મોબેદોનો તે બનેલો હતો, અને તેવા મોટા સાથમાનાં તેઓ માત્ર એક હતા. તેવા એકલા એક મોબેદ, આ૦ નવરોજી રબાડી મારફતે તેમના ભગરયા દોસ્તોએ જણાવયું છે તે પ્રમાણે, આખા ભગર સાથના ભાગયા કેમ થઈ બેઠા? જે ભગર સાથે દસ્તુર સાહેબ જામાસપજી જેવાને વરસો સુધી હચમચાવીને તેમના એતેકાદનું તથા તેમના વડીલોના એતકાદનું ભણતર તેમના પાસેથી છોડાવી દીધું, અને પોતાનાં ભણતર મુજબ કામ લેવા અને લેવાડવાની તેમને ફરજ પાડી, અને જે દસ્તુરને પોતાને નવસારીના દસતુરજી સાહેબને તાબેના કેહેવાની અને તેમના હુકમ મુજબ ચાલવાની ફરજ પડી છે, તેવા એક દસ્તુર પોતાના સઘલા લાગતા વલગતાઓ સાથે અને વળી આ સુધરેલા ને કેલવણીના જમાનામાં, પોતાની સઘળી કોશેશ છતાં ભગર સાથના ભાગયા થઇ શકયા નહીં અથવા તેનાથી સ્વતંત્ર બની શકયા નહીં, તયારે મીનોચેહેર હોમજી જેવા એક મોબેદ બસો વરસની વાત ઉપર સ્વતંત્રજ નહીં, પણ આખો ભગરયા સાથ એક તરફ અને તેઓ પોતે એક તરફ એવી રીતે, આ૦ નવરોજી રબાડી પાસે તેમના મીત્ર ભગરયા સાહેબો કેહેવાડે છે તેમ, "ભાગયા" કેમ થઈ બેઠા?

૩૮. ખચીતજ આ સવાલ ઘણો અગતનો છે. તે કુલે બેહેદીન સાહેબોએ અભયાસ કરવા જેવો છે. તેની સાથ તેમની જુની તવારીખને નીસબત છે, તેના સાથ તેમના વડીલો તરફથી કરવામાં આવેલાં ધરમસંબંધી કામકાજોને નીસબત છે, અને તે ઉપરથી આજના વખત માટે તેઓએ ઘણો વીચાર કરવાનો છે; અને વીચારજ કરવાનો નથી, પણ વીચાર કરીને ઠરાવ ઉપર આવવાનું છે. હું ફરીથી ઉપલો સવાલ અહીં મેલું છું કે, આખો ભગરયા સાથ એક તરફ અને તેમાંના એક મોબેદ મીનોચેહેર હોમજી બીજી તરફ થઇને, તેનાથી તેઓ સ્વતંત્ર અથવા તેના ભાગયા કેમ થઈ બેઠા? સ્વતંત્ર થયા અને પોતાનું કામ સ્વતંત્રપણે ચલાવયું તેની શાહદત જીવતી છે, અને તે એ કે મીનોચેહેર હોમજીનો સાથ મુંબઇમાં, નવસારીમાં, સુરતમાં, ઇતીયાદી જગોએ પોતાનું સઘલું કામ સ્વતંત્રપણે આજ સુધી કરયો જાય છે. તેમના જોડે ભગરયા સાથનો વળી ભાગ થયો હતો, એમ આ૦ નવરોજી રબાડી

તથા તેમના ભગરયા દોસતોની કેહેવાની મતલબ છે. તેઓ જણાવે છે કે,

> "નવસારીમાં આપણા [એટલે મીનોચેહેર હોમજીના મલતયા સાથ] અને ભગર સાથ સાહેબોનું પંથક વેંહેચાયું, તેમાં મુવાનું કામ આપણે કરવું અને જીવતાંનું કામ ભગર સાથવાલા સાહેબોએ કરવું એમ ઠરયું."

૩૯. બેહેદીન સાહેબો તથા મોબેદ સાહેબો જોશે કે મેં જે ઉપર સવાલ ઉઠાવયો છે તે, આ૦ નવરોજી રબાડી તથા તેમના ભગરયા દોસ્તોના પોતાના ખુલાસા ઉપરથી ઉઠાવયો છે. મારી પાસે એના સંબંધમાં જો કે ઘણું ઘણું બોલવાનું છે, પણ તેને આ જગોએ વચે લાવતો નથી. પણ આ બાબદ ઉપર ખોલાસો આપું તે આગમચ બીજી એક બાબદ ઉપર આ૦ નવરોજી રબાડી અને તેમના ભગરયા દોસ્તોને થોડુંક વધારે હું બોલવા દેવા માગુછું. તેઓ કહેછે કે,

> "[સંવત] ૧૭૪૨ ના માહોમાહેના એકરારનો દાખલો જાહેર સભામાં વાંચી સંભળાવયો તેમાં લખયા પ્રમાણે હક મેલવયા છતાં **છ ખુન બેહેદીનોનાં અને બે ખુન મોબેદોનાં મલી આઠ ખુનો થયાં,** અને તે બધી વાત સરકારની દેવડીએ ચઢી તયાર પછી ઈ. સ. ૧૭૩૫ માં તા૦ ૧૮ મી જાનેવારી સંવત ૧૭૯૧ ના રોજ ૨૫ માહ ૩ જો શેહેનશાહીના રોજે સરકાર મારફતે બેઉ બોરદુવાલાઓનો ઇનસાફ પંચોએ ઠેડાવ કરી કરયો હતો."

૪૦. અને તે "ઠેરાવને આધારે" ઉપર જણાવયું છે તેમ **વેંહેંચણી** થઇ હતી. આ જગોએ જે જુદી વાતો ઉપર બેહદીન અને મોબેદ સાહેબોએ ધયાન પોંહોંચાડવાનું છે તે ત્રણ બાબત છે. પેહેલી એ છે કે, મરહુમ મીનોચેહેર હોમજી ભગર સાથના એક હોવા છતાં તે આખા સાથના પોતે એકલા ભાગયા થયા, અથવા સ્વતંત્રપણે ભગરયા સાથની સામે પોતાનું પંથક ચલાવવા લાગયા. બીજી બાબદ એ છે કે, સંવત ૧૭૪૨ એટલે ઇસવી સને ૧૬૮૬ માં કોઈ જાતનો કરાર તેમની તરફેણુમાં થયો હતો. ત્રીજી બાબદ તેની જોડે જોડ ખુનો થવાની, અને તે પછી છેક સંવત ૧૭૯૧ એટલે ઇ-

સવી સને ૧૭૩૫ ના સાલમાં વેહેંચણી થવાની છે. હવે પુછપરછ કરવાની બીના એ છે કે, મીનોચેહેર હોમજી ભગર સાથથી છુટા પડયા તે વખતે માંહોમાહેના એકરાર કેવી રીતે અને શું થયા હતા ? આ૦ નવરોજી રબાડી અને તેમના ભગરયા દોસ્તો સંવત ૧૭૯૧ ની વેહેંચણીને એકાએક અને એકદમ વચ્ચે મેલી દઇને તે એકરાર અને એહેદીનોનાં ખુનોની વાતને વીસરી જવા માંગે છે. પણ તે વાત વીસારી મેલવા જેવી નથી. નવસારી મધે સંવત ૧૭૪૩ [ઇસવી ૧૬૮૭] ની આગમચ થોડા વખત ઊપર એહેદીન સાહેબો અને ભગરયા મોબેદો વચ્ચે ધરમની ક્રીયા વગેરેની બાબતમાં મોટી તકરાર ચાલી હતી, અને તે તકરારમાં એહેદીનો પોતાને તયાંનું ધરમને લગતું કામકાજ ભગરયા સાથ અને તેના અકાબરોને છોડી દઇને પોતાની ખુશી પડે તેવા કોઈ એક બે મોબેદ પાસે કરાવતા હતા, અથવા પોતેજ ફ્રુસતી પાદયાબ સાથ યથા અષેમ પઢી લોબાન સુખડ મેલીને પોતાને ત્યાંની ક્રીયા પોતેજ કરી લીધેલી સમજતા હતા જેથી ભગરયા મોબેદોનો ગુસો અને જુસો ઘણો ઉસકેરાઇ ગયો; અને તે એટલો બધો ઉસકેરાયો કે એક દીવસે તે ઉસકેરણીમાં તેઓએ એહેદીનોનાં ઘરો ઉપર દરોરો ચલાવયો, અને તે દરોરામાં તેમના અને તેઓએ કામ કરવાને પસંદ કરેલા મોબેદોનાં ઘરોમાંથી ઘણા રૂપીઆની કીંમતનો માલમતા ભગરયા મોબેદો લુટી ગયા, અને તેની સાથે છ એહેદીનોનાં ખુનો વટીક કરયાં હતાં. તે વાત નાની જેવી નહીં હતી, અને તેથી નવસારીથી તે સુરત સુધી ભારે તરાસ વરતી રહયો હતો, અને નવસારીના મુસલમાન અમલદારે સુરત મધે નવાબ સલાબતખાન ઉપર જલદી પેગામ મોકલી તયાંથી સરકારી મદદ મંગાવી હતી. તે મુજબ નવાબ સલાબત ખાનની તરફથી અમલદારો નવસારીમાં આવયા હતા, અને તેઓ મોટી સંખયામાં ભગરયા મોબેદોને સુરત પકડી લઇ ગયા હતા. નવાબે બરોબર તપાસ કરીને તે મોબેદોમાંથી ગુનોહ કરનાર બાર મોબેદોને સુરતમાં કેદ રાખયા હતા, અને બાકીનાઓને છોડયા હતા. તે બાર મોબેદો માહેલા છ ઉપર ખુનો કરવાનો અપ્રાધ સાબેત થયો હતો, અને બીજા છ ઉપર ખુનો કરનારાઓને ખુન કરવા માટે ઉશકેરવા અને હુકમ આપવાનો ગુનાહ સાબેત થયો હતો. એવી રીતે જ્યારે તે મોબેદો ફસી પડયા, તયારે તેઓએ અને તેમના તરફથી તેમના લાગતા વલગતાઓએ નવાબીમાં ઘણો વગ પોંહોંચાડયો, અને નવસારીના એહેદીન સાહેબોનું મન મનાવયું, અને તે ગુનાહ કરનાર અંધયારૂના ફરજંદ છે માટે હવે જવા

દેવો, એમ કરીને આખરે તેમને મારી બખશાવીને છોડવયા. તે પછી તરતજ એટલે સંવત ૧૭૪૩ [ઇસવી ૧૬૮૭] માં તે મોબેદોએ તથા તેમના લાગતા વલગતા ભગરયા સાથના તમામ મોબેદોએ નવસારીના તથા પંથક પંખેડીના સરવે બેહેદીન સાહેબોને લખી આપયું હતું કે, તમોને પસંદ આવે તે મોબેદ અથવા મોબેદો પાસે તમો હવે પછી કામ કરાવો તેમાં હમો લોકો કદીબી વચે આવશે નહીં, તથા કસી પણ ખલલ કરશે નહીં, અને કરશે તો ગુનેહગારી આપશે સહી. તે ઉપરાંત ખુન કરનારા તથા ઉસકેરણી કરનારા મોબેદોને નવસારી મધેથી બાહેર કાહાડવામાં આવયા હતા, અને જ્યાં સુધી નવસારીના બેહેદીનો રાજીખુશીથી તેમને નવસારીમાં આવવા તથા રેહેવા દે નહીં, તયાં સુધી તેઓ આવે અને રેહે નહીં એવો લખીત બંદોબસત કરવામાં આવયો હતો; અને તે પછી **નવસારી તથા પંથક પંખેડીના બેહેદીન સાહેબોએ પોતાના પસંદ કીધેલા તથા કબુલ રાખેલા ધરમગુરૂ તરીકે મરહુમ મીનોચેહેર હોમજીને એકલાને નકી સ્થાપયા હતા.** તમામ બેહેદીન સાહેબોએ તેમના ઉપર એટલે સુધી એતેકાદ મેલયો હતો, કે તેમનાથી જેટલું ધરમનું કામ થાય તે તમામ બેહેદીનોને પોંહોંચયું એમ જણાવીને તેમના ઉપર તેઓ રાજી રેહેતા હતા. આ બીના ઘણી ગમખારી તથા નાલેસી ભરી હોવાથી મને ભારે દીલગીરી વચે જણાવવી પડી છે, અને તેટલા માટે જેમ બને તેમ તે ટુકમાં આટોપી લેવાની મેં તજવીજ કીધી છે, અને મારી ખાહેશ છે કે, એના ઉપર લંબાણ કરવાની જરૂર સામી બારદુએથી ઉભી કરવામાં નહીં આવે, સબબ તેમાં તેમનેજ લાભ છે.

૪૧. હવે જ્યારે કામ આ મુજબ ચાલવા લાગયું, તયારે વેહેંચણી કરવાની વળી શામાટે જરૂર પડવી જોઇએ? એવો સવાલ કોઇબી વાંચનાર સાહેબના મનમાં ઉઠયા વીના રેહેશે નહીં. એ સવાલ આ જગોએ ખચીત ઉઠાવવા જોગજ છે; પણ એ સવાલ નહીં ઉઠાવશે, અને એકવાર આ૦ નવરોજી રબાડી પાસે તેમના ભગરયા મીત્રોએ લખાવેલી વેહેંચણીની બીના ગુપચુપ કબુલ રાખશે, તોપણ સવાલ પાછો ઉઠે છે કે જ્યારે એ સાથના મોબેદો વેહેંચણી કરીને જુદા થયા, તયારે પાછળથી ભગરયા અકાબરો વેહેંચણી કરી જુદા પડેલા સાથના વળી વડા શાના થવા માગે છે? વેહેંચણી

કીધી એટલે ભાગલા કરીને પોત પોતાનું લઇને છુટા પડયા, પછી વડપણ શાનું રહયું? ભાગયાના શેઠ તે કેમ કરી થવાતું હશે?

૪૨. પણ ભાગની કાહાણી વળી જુદોજ ઓચંબો ઉપજાવશે. એક વાર વગર તકરારે ભાગની વાત મંજુર રાખયે તો પણ તેની હસતી આજે પાંસેઠ વરસ થયાં ગુમ થઇ છે, અને હમના મીનોચેહેર હોમજીના મોબેદો શું સુરત કે મુંબઇમાં, શું નવસારી કે આસપાસના ગામોમાં, પોતાનું કામ સંપુરણ સ્વતંત્રપણે ચલાવે છે, અને તેમાં ભાઇબિંધીની રૂયે અથવા દોસતી, વેહેવાર કે મોહોબ્બતની રૂયે કાંઇ માન અકરામ ભગરના અકાબરોને આપયું હોય તે હોય, પણ તે કારણસર તેમનો દાવો, હક કે કાંઇ પણ મીનોચેહેર હોમજીના સાથ ઉપર કસી વાતનો છે નહીં તે ચોકસ છે.

૪૩. ભાગની બાબત તેટલું છતાં હું વગર ખુલાસે મેલી દેવા માગતો નથી, સબબ તેમાંથી મીનોચેહેર હોમજીના મલતયા સાથના ચહડયાતા હકનો ખુલાસો થાયછે. ભાગ કયારે થયો? આ૦ નવરોજી રબાડી તથા તેમના મીત્ર ભગરયા સાહેબો જણાવેછે કે સંવત ૧૭૯૧ માં. સંવત ૧૭૯૧ એટલે ઇસવી સને ૧૭૩૫ માં નવસારીમાં ગાયકુવારી હકુમતની શુરૂઆત થયલી હતી. સંવત ૧૭૪૨ એટલે ઇસવી ૧૬૮૬ માં મોહમેદન હકુમત તયાં ચાલતી હતી. સંવત ૧૭૯૧ ની પંદરેક વરસ આગમજ ગાયકુવાડી હકુમત ઉગવા માંડી હતી, અને તે વખતે સોનધડ મધે મથક કરી બેઠેલા પીલાજી ગાયકુવારને નવસારીમાં મોહમેદન સતાની જગા ઉપર આણવાને જેઓએ તજવીજ કીધી તેઓમાં ભગરયા સાથના એક મુખી હતા. તે સબબથી તેઓ ગાયકુવારી અમલમાં નવસારી મધે પછવાડેથી મોટી સતા વાપરવા પામયા હતા, અને તે સતાના વખતમાં કેવો જબરો જુલમાત ચાલતો હતો તે આ જગોએ વીસતારીને લખવાની જરૂર નથી. તે વાત રોશન આફ્તાસની મીસાલે જાણીતી છે. તે વખતમાં મીનોચેહેર હોમજીના સાથ ઉપર જે જુલમાત ચાલવા માંડયો હતો તે વાત પણ છુપી નથી. તેવા સંકટના વખતમાં બેહેદીનો પણ કેટલેક દરજજે નરમ પડી ગયા હતા, તો પણ તેઓ કાંઈ ખાંડયા ગયા નહીં. ભગરયા મુખયોનો ગમે તેવો જુલમાત છતાં મીનોચેહેર હોમજીના મોબેદોને તેઓએ છોડયા નહીં. અને એવું જ્યારે જોવામાં આવયું, અને મીનોચેહેર હોમજીની અનજુમનના સઘળા હકો છીનવી લેવાને બનશે નહીં એવી ખાતરી થઈ, તયારે પેહેલાં પગલાં

તરીકે મીનોચેહેર હોમજીના મલતયા સાથના ભાગયા થઈ બેસવાની ઉતાવળ ભગરયા મુખીઓ તરફથી કરવામાં આવી. પણ અહીં યાદ રાખવું જોઇયે છે કે મીનોચેહેર હોમજીના મલતયા સાથ જોડે ભાગયા થઇ બેસવાનો દાવ પોતાની હકુમતને જોરે સાંધવામાં આવ્યો તેટલા વખત સુધીમાં, એટલે **સંવત ૧૭૪૨ થી સંવત ૧૭૯૧ સુધીમાં પચાસ વરસની મુદત ગુજરી ગઇ હતી, અને તેટલી મોટી મુદત સુધીમાં નવસારી મધે તથા આસપાસનાં ગામોમાં એકલા મીનોચેહેર હોમજીના મલતયા સાથના મોબેદોએજ પોતાને હસતક સઘળા સવતંત્ર હકો ભોગવયા હતા;** તમામ પંથક, તેને લગતાં સરવ પ્રકારનાં કામકાજ, હક અને સતા જોડે, એકલા મીનોચેહેર હોમજીના મલતયા સાથનું હતું. તેવી રીતે મીનોચેહેર હોમજીના મલતયા સાથે પોતાના હકો ભોગવયા પછી, સતાને જોરે તેમના હસતકનો થોડો હક લુટી લેવામાં આવયો હતો, પણ તેવી રીતે લુટી લીધેલો હક, વાજવી પણાની નજરે જોતાં તેમ કાયદાની નજરે જોતાં પણ રદ બાતલ ગણાય છે. તે વીશે પ્રોફેસર દાદાભાઈ નવરોજીનુંજ મત હું હેઠળ ટાંકી બતાવીશ. આપણા તે પ્રોફેસર સાહેબને ભગરયા સાથે પોતાની મુનસફી સોંપી હતી તેનો ઇસારો ઉપર ફકરા ૩૪ માં હું કરી ગયોછું, એટલે તેમની સતા તે સાથના અકાબરોએ કબુલ રાખેલી છે એમ સમજી લેવામાં આવશે:—

> "આગળા વખતમાં જેમ જેને દેશી રાજોમાં લાભ મલી શકતો તેમ મેળવતા. એ સબબથી અંગ્રેજ સરકારે એવો નીયમ રાખેલો છે કે એઓની આગળના વખતના હરેક હકનો ભોગવતો યા દસતાવેજનો પુરાવો હોય તો તે હક કબુલ રાખવો."

૪૪. મી૦ દાદાભાઇનું આ મત ભગરયા અકાબરોએ કબુલ રાખેલું છે, અને આ૦ નવરોજી રબાડી મારફતે તેમના ભગરયા દોસ્તોએ સંવત ૧૭૪૨ ના એકરાર વળી સ્વીકારયા છે, તયારે તે પછીનો વેહેંચણીનો દસતાવેજ કેટલી કીમત ધરાવતો ઉભો રેહેશે? કાંઇજ નહીં. અને તેવી રીતે તે દસતાવેજ બાજુ ઉપર રહી જતાં, મીનોચેહેર હોમજીના મલતયા સાથના હક

અને આ ઉપરથી પ્રગટી નીકલતી સાથે લાગી મોટાઈ, સવતંત્રપણે સરવે ઠેકાણે ચાલવા સાંમે કાંઇપણ સવાલ રહેછે? કશો નહીં. અને એક વાત તે જોડે સરવ કરતાં વધારે જોર સાથ તથા મકમપણે સરવેના વીચાર સાથ અથડશે, અને તે એ કે, **મીનોચેહેર હોમજીનો મલતયા સાથ બેહેદીનોનો જેવો અને જેટલો કબુલ રાખેલો તથા પસંદ કીધેલો છે, તેવો ભગરયા સાથ નથી.**

૪૫. અને આ મારા બોલવાની સાબેતીમાં મારે દુર દાખલા સોધવા જવાની જરૂર નથી. તે દાખલા પણ આ૦ નવરોજી રબાડીની મારફતે તેમના ભગરયા દોસ્તો પોતેજ પુરા પાડેછે. તે સાહેબોએ ઘણીજ ઉકમાદથી ત્રણ ચાર દાખલા, મીનોચેહેર હોમજીના સાથના મોબેદ સાહેબો પાસેથી તેમનો કેટલોક હક હકુમતને જોરે લુટી લીધા પછી તેની જોડે જોડે એટલે સંવત ૧૭૯૧ થીજ તે સંવત ૧૮૩૦ સુધીમાં, બેહેદીનોને તયાંનું નવજોત વગેરેનું જીંદરવાનનું કામ કરવામાટે માફીપત્ર લખાવી લેવાના આપયા છે: અને એક દસતાવેજમાં તો "સમસત બેહેદીન સુવાંએ" માફીપત્ર ભગરયા મુખીઓને લખી આપેલો જણાવયો છે. આ માફીપત્ર ખરેખરા જે મરહુમ સાહેબોને નામના જણાવવામાં આવેછે, તેમનાજ છે કે કોઇ બીજા હાથોએ તે મરહુમોના નામનું પાટકી કામ કરયું છે, એ પેહેલો સવાલ છે. અને એ સવાલ ઉઠાડવાનું કારણ એ કે એવા દસતાવેજ નવસારીમાં અને બીજી તરફ ઉભા કરવાની વાત જુના વખતથી ચરચાતી આવી છે. રમુજમાં નવસારીમાં બોલાતું આવયું છે કે જુના દસતાવેજ કરવાને અસલના જેવાં જુની જાતનાં કાગજ ઉપર લખાણ કરી તેને ચુહુલાને મથાલે થોડા દીવસ ટાંગી રાખયાં, કે તે જુના દસતોવેજ થઈ જાય. જુના તેવા દસતાવેજ મતલબને ખાતર તથા બીજી રીતે ઉભા કરવાનું એક જાતનું ઘેલાપણું પણ જાણીતું છે, અને તે વાત તેવા દસતાવેજોની કહાણીમાં કેટલી વાર જણાવવામાં આવેલી હોય છે. તેવા જણાવવામાં આવતા દસતાવેજ અસલ અને ખરા છે એમ તયારે ખાતરી પુરવક સાબેત કરવું જોઇયે છે, અને તયાં સુધી પોત-પોતાને ઘેરેથી કહાડેલા તેવે નામનાં દસતાવેજ પાણીમાં બોરવા લાયકનાંજ હોય છે. થોડાં વરસ ઉપર વલસાડમાં એક મુકદમો ચાલયો હતો, તેમાં એક જુનો દસતાવેજ જુના વખતની મોહોર સાથનો અદાલતમાં રજુ

કરવામાં આવયો હતો; પણ પાછલથી નીયાયાધીકારીએ તેમાં આપેલાં વરસોની તપાસ કરતાં તેમાં ફેર જણાયાથી તે ખોટો પાડી આપયો હતો. આ૦ નવરોજી રબાડી પાસે તેવણના ભગરયા દોસ્તોએ કોઇ જુના દસતાવેજોને નામે માશીપત્રની વાત લખાવી, એટલે તેથી તે માશીપત્ર માની લેવાનાં કદીબી થતાં નથી. તે દસતાવેજ ખરા છે કે નહીં તેની ખાતરી પેહેલાં આપવી અને થવી જોઇયે, અને તે પછી તેના ઉપર આગલ વીચાર ચલાવી શકાય. તયાં સુધી આ૦ નવરોજી રબાડી પાસે તેમના ભગરયા દોસ્તોએ બાહેર મેલાવેલી બાબદ રદ બાતલ સમજવી જોઇયે છે, અને સરવે સમજુ પારસીઓ તેને તે કરતાં જરાપણ વધુ વજન લાગુ પાડશે નહીં.

૪૬. પણ હું જણાવતો હતો કે આ૦ નવરોજી રબાડીની મારફતે, મેં ઉપર ફકરા ૪૩ માં જણાવેલી જુલમાતની બીનાની સાબેતી ભગરયા સાહેબો પોતેજ પુરી પાડેછે, તે વાત હું જતી મેલવા માગતો નથી. તે સાબેતી, રદ બાતલ સમજીને કહાડી નાખવા જોગ આ માશીપત્રો આપેછે. એક વાર તકરારને ખાતર કબુલ કરયે કે આ૦ નવરોજી રબાડીની મારફતે તેમના ભગરયા દોસ્તોએ જણાવેલા દસતાવેજો ખરા છે, તોપણ તે રદ બાતેલ કરવાને ઓછાલાયકના નથી; અને રદ બાતલજ કરવાને લાયકના નહીં, પણ જેઓએ તેમને લખાવી લીધા હોય તેઓ તથા જેઓ તેમને રજુ કરીને શરફરાજી કરવા માગતા હોય તેઓ તે ઉપરથી ઘણી સખત ટીકાને લાયક થાયછે; સબબ તે દસતાવેજ પોતાની હકુમતને જોરે તથા પોતાના જુલમાતી દોરમાં જાસતી ચલાવીને લખાવી લીધાછે, અને તેવી હકીકત ખુદ તે દસતાવેજો પોતે પણ બોલી દેખાડે છે. તે દસતાવેજો લખાયા તે વખતે ભગરયા મુખીઓ તરફથી ચાલેલા જુલમાત માટે કશો શક પણ નથી. સંવત ૧૭૯૧ ની પંદરેક વરસ આગમજ મુસલમાન હકુમત હેઠલ રહેલો નવસારી જીલો પીલાજી ગાયકુવારને હસતક મેલવાની ભગરના એક મુખીએ તજવીજ કરી હતી, અને તે તજવીજ ધયાનમાં રાખીને સુરતના નવાબ રૂસતમ અલીખાને તેમને પછવાડેથી કેદ પણ કરયા હતા. પણ પીલાજી ગાયકવારે તેમને છોડવીને પોતાની પનાહમાં લીધા હતા, અને તે પછી, સમજી શકાશે કે, તેઓ તે કુમક ઉપર નવસારી મધે નહીં શું કરી શકયા હશે? પેહેલું કામજ પોતાના રોજી વગરના થઈ પડેલા ભગરયા ભાઇઓને રોજી અપાવવાનું તથા મીનોચેહેર હોમજીના મોબેદો ઉપર કીનો લેવાનું ચા-

લચું હતું; અને તે કેવાં અંધેર રાજમાં ચાલચું હતું તેનો ઈતીહાસ આપવાની જરૂર નથી. અંગ્રેજ સરકારના હસતકથી જે જાતનું રક્ષન થતું સરવે પારસીઓ આજે જોય છે, તેવીજ રીતે પોતાનું રક્ષન થતું નવસારીના પારસીઓ હાલના સુધરેલા નામદાર માહારાજા શીહાજીરાવના અમલમાં થતું સમજે છે, અને તે માટે તે નામદારને અને તેમના રાજ્યને તેઓ હજારો આશીરવાદ દેછે; પણ નવસારીમાં આગલા વખત ઉપર ચાલેલું ગાયકુવારી રાજ જુદાજ પ્રકારનું હતું, અને અંધેર તથા જુલમાત માટે તેનો દાખલો એક સરખી રીતે સરવે તરફ હજી પણ અપાય છે. પણ હું તે વાત બાજુએ મેલીને હાલ વડોદરામાં મશહુર થઈ પડેલા અને નામદાર માહારાજાના આગલા શીક્ષાગુરૂ તથા હાલના માનીતા સલાહકાર તથા વગવાળા અમલદાર મી૰ ઈલિયટને તે વીષે આ જગોએ બે બોલ બોલવાને અરજ કરૂંછું. તેઓ કહેછે કે,

> "An elaborate Government was swept away by a body of free-booters, whose aim it was to gather the revenue by the easy but cruel farming process, simply in order to feed the army and its leaders. A considerable foreign commerce was annihilated and the area of cultiva tion was diminished. Former public works of art or utility were suffered to fall into decay, and no new ones were undertaken in their place. The administration of Civil and Criminal Justice was to the Marathas a matter of importance, only in so far as that by its means money might be made. From a leader of adventurers the Gaikwar became a prince on whom no constitutional check could be placed, and whose favours were sought first by military or priestly adherents of his own race and country, then by farmers of revenue and bankers, who usuriously supplied with present means the wants of an inconsiderate administration," &c. &c.

"લુટારાઓની એક ટોલીએ મોટી મેહેનતે સમપુરણતા ઉપર આણેલાં એક રાજ્યનો ધાણ વાલી નાખયો હતો, અને તેમની નેમ એટલીજ હતી કે લશકરને અને તેના સરદારોને ખોરાક પુરો પાડવા માટે, ગામો વગરેના ઇજારા આપવાની સેહેલી પણ ધાતકી રૂઢીએ મેહેસુલ એકઠું કરી લેવું. પરદેશો સાથ ચાલતા આવેલા મોટા વેપારનો નાશ કરવામાં આવયો હતો, અને ખેતીનો વીસતાર ઓછો થઇ ગયો હતો. હુનર અથવા ઉપયોગનાં આગલાં જાહેર બાંધકામોનો નાશ થવા દેવામાં આવયો હતો, અને તેમની જગોએ બીજાં નવાં કામો ઉભાં કરવામાં આવયાં નહીં. દીવાની અને ફોજદારી ઇનસાફ આપવાનાં કામની અગત, તેની મારફતે પઇસા કહડાવી શકાય તેટલેજ સુધીની મરાદાઓ સમજતા હતા. નસીબ અજમાવા નીકળેલાઓ (લુટારાઓ) ના એક સરદાર અથવા આગેવાન ઉપરથી ગાયકવાર એક રાજા થઇ બેઠો, જેના ઉપર રાજબંધારણનાં કાનુનને અનુસરતો કસો પણ અંકુશ મુકી શકાય એમ હતું નહીં, અને જેની પાસેથી મેહેરબાની મેલવવાની કોશેશ તેની પોતાની જાતના અને તેના દેશના તેના લશકરી અને બ્રાહમણ વરગના લાગતા વલગતાઓએ પેહેલાં ચલાવી, તે પછી મેહેસુલ ઉગરાવવાનો ઇજારો લેનારા અને સાહુકારોએ તે મેલવવાની કોશેશ કરી, જેઓ એક અવીચારી રાજકારોબાર ચલાવનારાઓની હાજતો ભારે મોટાં વયાજે પોતાની પાસેથી તરત વેલા નાણા કાહાડી આપીને પુરી પાડતા હતા," ઇતયાદી, ઇતયાદી.

૪૭. એવા પાયા ઉપર જે રાજ ચાલતું, અને જેમાં ઉપર જણાવયું તે મુજબ હાકેમી લઇ બેઠેલા ભગરયા સાથના મુખીજ જ્યારે મીનોચેહેર હોમજીના સાથ સામે આવી ઉભા, તયારે માશીપત્રોનોજ શું, પણ જેબી બીજી બાબદ તે સાથના મરહુમોને ખરાબ કરવા અને લગાડવાને કહો તેનો શુમાર રેહેવો નહીં જોઇયે; સબબ એ કે, પચાસ વરસ સુધી તેમનાથી ભગરયા સાથના સરવે એટલા પાછલ પડી ગયા હતા, કે તેનો ગુસો અને કીનો તેમના સીનામાં થોડો પઝરી રહેલો ન હતો. સંવત ૧૭૯૧ ની થોડુંક આગમજથી તે સંવત ૧૮૮૬ સુધી ભગરના મુખીઓનું નવસારીમાં અને ગાયકુવારીમાં

ધુમ ચાલયું, અને તે પછી કેટલુંક વષતું ઓછું ચાલતાં તેનો અંશ, તેમના આગળા દોરને લીધે તથા ગાયકુવારી અંધેરને લીધે તેમજ રાજમાં હજી કેટલોક વગ તેઓ ધરાવતા હોવાને લીધે, ચાલીસેક વરસો સુધી લોકોના વચે અસર કરતો રહયો હતો. તેવા વખતમાં ભગરની તરફથી તેમના મુખીઓ પોતાના હરીફોને શું નહીં કરી શકે? પણ શુંકરપાક યઝદાંના કે તમામ બેહેદીનો મીનોચેહેર હોમજી અને તેમના સાથની પીઠે હતા, જેથી ભગરના મુખીઓ જોઇયે એટલો કીનો મીનોચેહેર હોમજીના મોબેદો ઉપર લઇ શકયા નહીં; પણ તેમના કામકાજમાં ભાગયા પડીને વેંહેંચણીને નામે તેમનો કેટલોક હક લુટી લઇ શકયા. તે વેંહેંચણી બેહેદીનોને મુદલ પસંદ હતી નહીં, પણ ભગરના મુખીઓના જુલમાતને લીધે તેમનો ચારો રહયો નહીં; અને જ્યારે ચારો રહયો નહીં તયારે, ભગરયા મોબેદોને હાથે પોતાના વડાઓનાં થયલાં ખુનો વગેરેની વાત યાદ રાખીને, તેમની સામે પોતાનો અણગમો બતાવવાને તથા તેમને હાથનું કામ તેમને પોંહોંચતું નથી એવું બતાવવાને તેઓ શું કરતા? આ૦ નવરોજી રબાડી પાસે જે સવાલ કરવા જોગ દસતાવેજો તેમના ભગરયા દોસતોએ રજુ કરાવયા છે, અને હજી જે બીજાની ધમકી આપવામાં આવી છે, તે દસતાવેજો, ખરા હોય કે ખોટા તો પણ, તે બાબદમાં ઘણી અછી શાહદત આપે છે. તે વખતના દીનચુસ્ત અને ભગર સાથનાં મોબેદો સામે ગુસો અને અણગમો ધરાવનારા બેહેદીન સાહેબો, પોતાના કબુલ રાખેલા તથા પસંદ કીધેલા મીનોચેહેર હોમજીના મોબેદ સાહેબો પાસેજ પોતાને તયાંની નવજોત તથા જીંદરવાનનું કામ પણ કરાવતા, અને અલબતે ભગરના મુખીઓના જુલમાતથી ડરીને આ૦ નવરોજી રબાડીની મારફતે જણાવવામાં આવયું છે તે મુજબ "છુપી રીતે" જ તે કરાવતા હોવા જોઇયે. જે ભગરયા સાહેબોએ આ૦ નવરોજી રબાડીની મારફતે પોતાના અકાબરોને, નવસારીના તમામ પારસીઓના "દુનયાદારીના તમામ જાતના વેહેવાર ઉપર ચાલતા આવેલા બંધારણ પ્રમાણે દેખરેખ રાખનાર" તથા તેમની "નીતીની સંભાળ કરનાર" એવા મોટા જણાવયા છે, અને તેમનાં મત મુજબ જેઓ સરવે બાબદમાં એવા નામચીન હતા કે તમામ પારસીઓ તેમના ઉપર ફીદા થઇ જવા જોઇયે, તો તેઓ હકુમત ઉપર હોવા છતાં અને જુલમ ગુજારવાના સઘળા સંજોગ હાથમાં ધરાવતા હોવા છતાં, તે વખતના બેહેદીન સાહેબો તેમનાથી "છુપી રીતે" બી મીનોચેહેર હોમજીનાજ મોબેદો પાસે પોતાને તયાંની નવજોત વગેરેનું બી કામ પણ કરા-

વવાનો જોખમ કાંએ ખેડતા હતા? અને જો જોખમ નહીં ખેડતા તો, ભગરના નામીચા અકાબરોને અને તે વખતના દસતુર સાહેબોને પડતા મેલીને, મરહુમ મોબેદ મીનોચેહેર હોમજીનાં બચાં અને તેમના પક્ષકારો પાસેજ પોતાનાં યકીનનું કામ કરાવવાને કાંએ ખંતી રેહેતા? એનો જવાબ સેહેલ છે; અને તે એ કે, આગળી સરવે હકીકત યાદ કરીને તથા પોતાના બાપદાદાનાં થયલાં ખુન, લુટ વગેરે યાદ કરીને તેઓ તેમને પસંદ કરતા નહીં, અથવા ભગર સાથના મોબેદો તેમને અણગમતા અકારા હતા.

૪૮. હવે ભગરના મુખીઓનો ડોર, ફકરા ૪૭ માં મેં લખ્યું છે તેમ ઘણાં વરસો સુધી ચાલુ રહયો, અને તેમાં તેઓએ જે જે કામો કીધાં તે માત્ર નવસારીમાંજ તોબાહ પોકરાવનારાં થઇ પડયાં નહીં, પણ મુંબઇમાં પણ તેમના કેટલાક મુખીઓથી મુંબઇના તમામ નામીચા પારસી શેઠ સાહુકારો પણ બેજાર થયા હતા. તે બેજારી ઇસવી ૧૭૮૬ [સંવત ૧૮૪૨] માં ઘણી ખીલી નીકલી હતી, અને ભગરના એક મુખીને નાતબાહેર મેલવા જેવી પણ તે વખતના શેઠયાઓને ફરજ પડી હતી. નામદાર સર જમશેદજી જીજીભાઇ પેહેલા બારોનેટ તે બાબે નીચલા બોલોમાં પોતાનો અભીપ્રાય જાહેર કરે છેઃ—

> "હવે જાણવું જે સંવત ૧૮૩૩ તથા સને ૧૭૭૭ ઇસવીનાં વરસ મધે શ્રી મુંબઇની પારસીની પંચાયતે પોતપોતામો અનજુમન મેલવીને એક બંદોબસ્ત કીધો જે * * * તેઆરે * * * [અહીં ભગરના મુખીઓનો ઇસારો છે] કે જેવો હંમેશાં અનજુમનની સામે થઇને હરેક સારૂં કામ કરવાનો અટકાવ કરતા આવેઆ છે તથા હરેક વાતે ખીસતા રહીને દુરથી [મોબેદો પાસે] ફીતનો તથા ફેસાદ કરાવાને રાજી છે અને હેવોજ તે લોકોનો પાપ ગરેહનો સેતારો હશે તેથી તેવોને હેવું શુંજ પડેછે. * * *"

૪૯. જે વેલાએ માનોચેહેર હોમજીના મોબેદો પાસ નવસારીના બેહેદીન સાહેબો, ભગરયાઓના મુખીઓ અને બીજાઓથી, "છુપી રીતે" પોતાને તયાંની નવજોત વગેરે જીંદરવાનનું પણ કામ કરાવતા, અને તે માટે તે બેહેદીનો અને તેમના કબુલ રાખેલા તથા પસંદ કીધેલા મોબેદો ઉપર

માફીપત્ર લખી આપવાનો જુલમાત ગુજરતો, તે વેળાએ મુંબઇના તમામ બેહેદીન સાહેબો ભગરયા મુખીઓથી કેવા નારાજ હતા અને બેજાર થતા તેનો મરહુમ સર જમશેદજી પેહેલા બરોનેટ સાહેબે પોતાની પવીત્ર કલમથી ઉપર મુજબ ચીતાર આપયો છે. તે ચીતાર, નવસારી મધે તેજ હીગામ ઉપર ભગરયા મુખીઓ તરફથી ગુજરવા લાગેલા જુલમાતની હકીકત સાથે સરખાવી જોવાને સારી રીતે ઉપયોગી થઈ પડશે. પણ હું લંબાન કરવા માગતો નથી, એકજ વધુબીના જણાવી બીજી બાબદ હાથમાં લઇશ. તે બીના સંવત ૧૮૩૩ (ઇસિવી ૧૭૭૭) ની આગમજ ૫૦ વરસ ઉપર ભગરયા મુખીઓનો કેવો ડોર ચાલતો હતો તે વીષેની છે. મુંબઈ મધે સંવત ૧૮૩૩ (ઇસવી ૧૭૭૭) માં બેહેદીન સાહેબો સાથે વાંધો પડતાં, ભગરયા મુખીઓનો અંગ્રેજ અમલદારો વચ્ચે કાંઇક વગ હોવાથી, મુંબઇના બેહેદીન સાહેબોને ગભરાવાની અને દાબી દેવાની મતલબથી તેઓ સરકારમાં ધસડી ગયા હતા. નામદાર ગવરનરે તે ઉપરથી એક કમીટી ઠરાવી બેહેદીનો અને ભગરયા મોબેદો વચેના વાંધાની પુછપરછ કરવાનો તેને હુકમ કીધો હતો. તે કમીટીએ તા૦ ૧ લી મે ૧૭૮૬ (સંવત ૧૮૪૨) ને દીને ભગરયા મોબેદો સામે ચુકાદો આપયો હતો. તેની લંબાણ હકીકત હું હાલ જણાવતો નથી; પણ તેમાં એક બીના, તે વખતની ૫૦ વરસ આગળ તેમનો ડોર કેવો હતો તે વીષેની આવેલી છે, તે માત્ર આ જગોએ ઉતારી લેઉં છું:—

> "It is asserted by the Parsees (એટલે બેહેદીનો) that the Andearoos made their regulation about 50 years ago in a period of their power at Surat," &c. &c.
>
> "પારસીઓ [બેહેદીનો] એવું કેહેચ કે ૫૦ વરસની વાત ઉપર અંધયારૂઓનું જોર સુરત તરફ ચાલતું હતું તે વેળાએ તેઓએ પોતાનો કાયદો ઠરાવયો છે."

૫૦. અંગ્રેજીમાં આપેલી ઉપલી બાબદનો તરજુમો પણ નામદાર સર જમશેદજી પેહેલા બારોનેટ સાહેબેજ આપયો છે, અને તે ઉપરથી સમજ પડશે કે ઇસિવી ૧૭૮૬ ની ૫૦ વરસ અગાઉ એટલે ઇસિવી ૧૭૩૬ માં અથવા સંવત ૧૭૯૨ માં ભગરયા મુખીઓ સુરત તથા નવસારીમાં કેવો ડોર ચલાવતા હતા;

અને આ જગોએ ધ્યાનમાં રાખવાનું છે કે તે ડોરમાંજ તેઓએ નવસારીના બેહેદીનો ઉપર જાસતી ચલાવીને વેહેંચણી કરાવી લીધી હતી; અને બેહેદીનો તે પછી પોતાનાજ કબુલ રાખેલા તથા પસંદ કીધેલા મીનોચેહેર હોમજીના મોબેદો પાસ નાચારીના મારયા "છુપી રીતે" નવજોત વગેરેનું છુંદરવાનનું કામ પણ જ્યારે કરાવા લાગયા, તયારે તેમને તેમાંથી પાછા હટાવવાને તથા તેમને પોતાના કાબુ હેઠલ લેવાને તેમની તથા મીનોચેહેર હોમજીના મોબેદો પાસેથી દમ સમ કરીને માફીપત્રો લખાવી લેવા લાગયા હતા. અંગ્રેજ સરકારના જેવા અમલમાં મુંબઈના તમામ નામીચા શેઠીયાઓ વટીક જ્યારે ભગરના મુખીઓથી બેજાર થાય, તયારે ગાયકવારી અંધેર અને જુલમાતના વખતમાં બીચારા નવસારીના બેહેદીનો અને તેમના પસંદ કીધેલા મીનોચેહેર હોમજીના મોબેદોનો શું આશરો રહે? આ૦ નવરોજી રબાડી પાસે રજુ કરાવેલા દસતાવેજો ખરા હોય તોપણ, આજે તેમને બાહેર લઈ નીકલવામાં જે ભગરયા સાહેબોએ તે અંધયારૂને આગલ કીધો છે તેઓએ એવી ભયંકર ચુક કીધી છે, કે જે ચુકને આગલ ચલાવવાની તેઓ બોંહોંસ કરશે તો તેમાં તેમને પસતાવો કરવા જેવું ઘણું ઘણું જોવું પડશે.

૫૧. જે હીંગામમાં મીનોચેહેર હોમજીના મોબેદો ઉપર તથા બેહેદીનો ઉપર ભગરના મુખીઓ ગાયકુવારી અંધેરનો ટેકો લઇ પોતાની હકુમતને જોરે ત્રાસ અને દબાણ ચલાવા લાગયા હતા, તેમાં ઉદવારેવાળા સંજાણા મોબેદોને પણ તેમને હાથે થોડું ખમવું પડયું ન હતું. તે મોબેદ સાહેબોને, સંવત ૧૪૯૨ માં નવસારીની તમામ પારસીઓની અનજુમને વાંસદે જઇને તેમના આતશબેહેરામ સાહેબ જોડે, મોટી ઇજત સાથે પોતાના કસબામાં લાવી રાખયા હતા; અને તે પ્રમાણે આવેલા જેઓ ત્રણ સો અથવા બસો વરસો સુધી તયાં સુખરૂપ રહી શકયા હતા તેમને માટે પણ, ભગરયાના મુખી હકુમત કરતા થયા કે નવસારીની ભુમી બહુ ગરમ થઇ પડવા લાગી, જેથી તેમને ઇસવી ૧૭૪૨ (સંવત ૧૭૯૮) માં આતશબેહેરામ સાહેબને લઇને તયાંથી નીકલી જવું પડયું હતું. તે આગમજ તેમની સાથ વાંધા ચાલુ થવા લાગયા હતા, અને તે વાંધાઓએ એવું રૂપ પકડયું હતું કે તેમનાં આતશબેહેરામ સાહેબને તેમના હાથમાંથી પડાવી લેવામાં આવશે એવો ભય તેમને લાગયો હતો. તેવી ભયભરી હાલતમાં આવી પડયા તયારે તેઓ નવસારીમાંથી પવીત્ર આતશ લઇને નીકળી ગયા અથવા

નાહાસી ગયા હતા. કેટલાક ભગરયા સાહેબો હમના સુધી મગરૂરીમાં બોલે છે કે ઉદવારયાઓ આતશ ચોરીને નાહાસી ગયા હતા, જે ઉપરથી તેમને "આતશ ચોર" ને ખોટે નામે પણ વાતચીતમાં લાવવામાં આવે છે. કેટલાક ભગરયા સાહેબો વળી ઉકમાઇથી કહેછે કે, તેમને પકડવાને ભગરયાઓના મુખી કે જેઓ તે વખતે ગાયકુવાર માહારાજાના માનીતા હતા અને નવસારીમાં હકુમત ચલાવતા હતા, તેઓએ પછવાડે સવારો વટીક દોડાવયા હતા; પણ તેઓ ગાયકુવારી હદ છોડી ગયલા હોવાને લીધે સવારોને પાછું ફરવું પડયું હતું. કોઇ પણ ભગરયા સાહેબ એમ તો કહી શકશેજ નહીં કે આતશબેહેરામ ઉદવારયા મોબેદ સાહેબોના નહીં હતા; છતાં તેમને પોતાનો હક, પોતાના પાદશાહને લઇને નાહાસી કાંએ જવું પડયું હશે? તે ઉપરથી તે હીંગામ ઉપર નવસારીમાં ચાલતા જુલમાતનો સારી પેઠે વીચાર કરી શકાશે, અને તેવા અમલમાં મીનોચેહેર હોમજીના હક નહીં શું લુટી લેવાની તજવીજ ચાલી હોય તેનો અડસટો કરી શકાશે. અકસર કરીને જ્યારે મીનોચેહેર હોમજીના મોબેદોને નાહાસી જવા માટે કોઇ જગા હતીજ નહીં; તેઓ નવસારીનાજ વતની હતા, અને તેમની રોજી પણ નવસારીમાંજ હતી, જેથી થાય તેટલો બચાવ કરીને જુલમાતને શરણ થવા સીવાય અને લુટાતાં જે કાંઇ પણ હાથમાં રહે તે રાખીને ચાલવા સીવાય તેમને માટે બીજો ચારો હતોજ નહીં.

૫૨. ભગરયા મુખીઓ પોતાના હાથમાં આવેલી સતાનો રોબ મારીને જુલમાતથી આગલા વખતમાંજ દસતાવેજો લખાવી લેતા, એમ પણ નથી. છેક ૧૮૫૪–૫૫ માં પણ તેવો થોડો ઘણો ડોર ચાલતો હતો, અને તેનો સવાદ હાલના નવસારીના દસ્તુરજી સાહેબના મોટા મુરબીજી ખુદ દસતુરજી સાહેબ કેકોબાદજીને પણ ચાખવો પડયો હતો તે, નવસારીના આતશબેહેરામની હકીકત જે "કીસ્સે આતશ બેહેરામે નવસારી" ને નામે બાહેર પાડવામાં આવી છે, અને જેનાં ચોપાનયાં નવસારીના દસતુરજી સાહેબ દારાબજીએ ખરશેદ વાડીમાં તા૰ ૧૪ મી આગસ્ટ ૧૮૯૨ ને દને ભરેલી મીજલસમાં વેંહેચાવયાં હતાં, તેમાંથી પણ મલી આવેછે. દસતુરજી સાહેબ કેકોબાદજીને પોતાની મરજી વીરૂધ એક કાગજ ઉપર શહી કરી આપવી પડી તે ચોકસ છે, અને તે કીસાને પાને ૩૪ મે સતર ૮ મીમાં તેવી રીતે "દસતુરજીએ શહી કીધેલી સાંભલીઆમાં આવીચ" કરીને લખયું છે.

એ સીવાય મી૦ બેહેરામજી નસરવાનજી સીરવાઇએ લખી આપેલા દસતાવેજોને તો, "જાલમી ભરેલું લખત લખાવી લીધું" કરીને તે ફીસામાં ખોલું લખયું છે. હું આ વાતની સચાઈ તપાસવા બેસતો નથી, અથવા તે વીશે ચુનો ચેરા કરવા માગતો નથી. હું એટલુંજ જણાઉ છું કે, દસતુરજી સાહેબ દારાબજી માહીયારજીની સતા સાથ અને તેમની તરફથી પુરી પાડવામાં આવેલી હકીકત ઉપરથી જે ચોપાનયું નવસારીમાં વેહેંચાયલું જણાયું છે, તેમાં ભગરના મુખી તરફથી દસતાવેજો કેવી રીતે લખાવી તથા સહી કરાવી લેવામાં આવતા તેનો એવા વખતનો દાખલો આપવામાં આવયો છે, કે જે વખતે તો આગલા વખતની અંધેર ગાયકુવારીનો છેડો આવતો હતો. અને જ્યારે એવા છેક પડતીના વખતમાં અને જ્યારે ભગરયાના મુખીઓ હકુમત ઉપર નહીં તેવે વખતે એવી રીતે દસતાવેજો લખાવી લેવામાં આવતા, અને તે પણ દસતુરજી અને સીરવાઈ જેવા નામચીન સાહેબો પાસેથી, તયારે અંધેરના સંપુરણ જોરના હીગામમાં અને હકુમતના મોટા જોશને વખતે, સામા હરીફોના હકો છીનવી લેવા તેમના પાસેથી શું નહીં લખાવી લેવાની હીમત કરવામાં આવી હોય? તેવા દસતાવેજો એક વાર ખરા પણ હોય તો તેમના ઉપર આધાર લેવાને જે ભગરયા સાહેબો વીચાર રાખતા હોય, તેઓએ ખુબ વીચાર દોડાવવાની હું નમનતાઈ સાથ ભલામન કરૂં છું. સામાના હક લુટી લેવા ઉપરાંતની તે દસતાવેજો જે બીજી શાહદત આપવાને કામે લાગે છે તે, તે વખતના ભગરયા સાહેબોની એવી તવારીખ છે કે જે તેમને સારી હાલતમાં તો દેખાડશેજ નહીં.

મુંબઈ, અકટોબર
સને ૧૮૯૨ ઇસવી. } એરવદ પીરોજજી એદલજી દાદાચાંદજી.

સમાપ્ત.

શુદ્ધી પત્રક.

સફે.	લાઈન.	અશુદ્ધ.	શુદ્ધ.
૧૧	૧૩	દરજ્જવ	દરજ્જો
૧૧	૧૪	એટલે જૈનસારી	એટલે નવસારી
૧૪	૨૦	આ કાબરો	અકાબરો
૧૮	૬	લાગાડનારી	લગાડનારી
૧૯	૨૯	મલેસરની	મલેસર
૨૭	૭	જણવવાને	જણાવવાને
૩૦	૧૪	ભરમ પડેછે	ભરમ થઈ પડેછે
૩૧	૨૬	મો૦	મોબેદ
૩૬	૨૪	આફ્તાસની	આફ્તાબની
૩૬	૨૭	મુખયોનો	મુખ્યાઓનો
૩૭	૧૩	વાજવીપણાની	વાજબીપણાની
૩૭	૧૬	સાહેબેને	સાહેબને
૩૮	૨૪	કેટલીવાર	કેટલીક વાર
૪૦	૨૩	dy	by

સફે ૧૫ મે ૧૧ મી લાઈનથી "શરૂ થયા છે" તે ૧૨ મી લીટીથી "તા૦ ૨૭ મી" શબ્દથી શરૂ થતા સમજવા.